# મહાભારતના મહાત્માઓ

લેખક
વિષ્ણુ મહંત
(M.Com.,M.Ed)

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

**Mahabhartna Mahatmao**
Vishnu Mahant
(M.Com.,M.Ed)

**મહાભારતના મહાત્માઓ**

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૩

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૭૫/-**

**સજાવટ**
દિપ્તી ચૌહાણ

**મુદ્રક**
અન્નુ પબ્લિકેશન

**પ્રકાશક**
એમ.એમ.સાહિત્ય પ્રકાશન
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
મહાવીર માર્ગ, આણંદ.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | વિદુર | ૧ |
| ૨. | દ્રોણ | ૧૮ |
| ૩. | ભીષ્મ | ૨૬ |
| ૪. | ભરત | ૪૮ |
| ૫. | એકલવ્ય | ૬૩ |
| ૬. | કર્ણ | ૬૭ |
| ૭. | વેદવ્યાસ | ૮૩ |
| ૮. | રાજા ઉપરિચર વસું | ૮૮ |
| ૯. | મહારાજ શંતનુ | ૯૬ |
| ૧૦. | વિશ્વામિત્ર | ૧૦૩ |
| ૧૧. | મહર્ષિ કણ્વ | ૧૦૯ |
| ૧૨. | દુષ્યંત | ૧૨૪ |
| ૧૩. | મહારાજ યયાતિ | ૧૪૬ |




# ૧. વિદુર

મહારાજ વિચિત્રવીર્યના પુત્રો ધૃતરાષ્ટ્ર, પાંડુ અને દાસીપુત્ર વિદુર ભીષ્મની નિશ્રા હેઠળ મોટા થયા. વિદુર દાસીપુત્ર હતા, તે છતાં ભીષ્મ તેમના ઉપર પણ પૂરતું ધ્યાન આપતા. ત્રણેને યજ્ઞોપવિત સંસ્કાર કરી વિદ્યાભ્યાસ કરવા બેસાડ્યા. ધૃતરાષ્ટ્રે સર્વ શાસ્ત્રો શ્રવણ કર્યાં. પાંડુએ વેદ વેદાન્ત શીખી યુદ્ધકળાનો અભ્યાસ કર્યો. વિદુર વેદાંત અને રાજનીતિમાં પારંગત થયો.

એક દિવસ ભીષ્મો નીતિપ્રિય વિદુરને બોલાવી પૂછ્યું : “વિદુર ! ધૃતરાષ્ટ્ર મોટા છે, પરંતુ અંધ છે, પાંડુ પરાક્રમી છે, પરંતુ નાના છે. તો આ હસ્તિનાપુરના સિંહાસને કોનો રાજ્યાભિષેક કરીશું ? તે તું નીતિપૂર્વક કહે !” વિદુરે વિચારપૂર્વક કહ્યું : “વડીલ ! નીતિ પ્રમાણે કોઈ અંધપુરુષ રાજા થઈ શકે નહીં, એટલે પાંડુનો રાજ્યાભિષેક કરવો એ જ સર્વથા ઉચિત છે. ભીષ્મને વિદુરની વાત ગળે ઊતરી ગઈ. તેથી સર્વસંમતિ સાધી હસ્તિનાપુરની ગાદી ઉપર પાંડુનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. પાંડુના રાજ્યાભિષેકથી નગરજનોમાં આનંદ છવાયો.

પાંડુ સમ્રાટ થયા પરંતુ રાજ્યભાર તો ભીષ્મના માથે જ રહ્યો. પાંડુ મોટા ભાગે વનમાં આખેટ મૃગયા માટે જતા અને તેમાં

લગ્નમાં એકબીજાના સંબંધોથી રાષ્ટ્રની સુરક્ષા વધે એવી દૃષ્ટિ રાખે છે. વ્યક્તિગણ સુખ કરતા પ્રજાસુખ એ મહાત્ત્વની વસ્તુ છે. તેમની આજ્ઞા મારે માટે શિરોધાર્ય છે.''

રાણી અને પુત્રી બંનેની સંમતિ મળતાં સુબલે ઘટતી પહેરામણી આપી રાજકુમારી ગાંધારીને દૂત સાથે વિદાય આપી.

પોતાનો પતિ અંધ હોવાથી ગાંધારીએ આંખે પાટો બાંધી દીધો. શકુનિ બહેનને લઈને દૂત સાથે હસ્તિનાપુર આવ્યો. ભીષ્મને સંદેશો મળતાં જ ધૂમધામથી સામૈયું કરી, રાજકુમારી ગાંધારી અને શકુનિનું યોગ્ય સન્માન કર્યું. ધૃતરાષ્ટ્રનાં લગ્ન થવાથી પ્રજાએ આનંદ ઉલ્લાસ વ્યક્ત કર્યો.

રાજમારા સત્યવતીનો ચરણસ્પર્શ કરી, ગાંધારી રાજમહેલના શયનખંડમાં આવી. તે વેળા ધૃતરાષ્ટ્રે ખંડમાં પ્રવેશ કર્યો. તેમણે ગાંધારીને કહ્યું : ''દેવી ! હું તો અંધ છું. તમારું સૌંદર્ય જોઈ શકતો નથી. પણ તમે શા માટે જીવનભર આંખે પાટો રાખવાની પ્રતિજ્ઞા કરી ?''

ગાંધારીએ કહ્યું : ''આર્ય ! તમે સંસારનું રૂપ જોઈ શકતા નથી, તો મારે શા માટે જોવું ? તમારી વાણીમાં મને તમારું બળ, પરાક્રમ અને સૌંદર્ય દેખાય છે, એ પૂરતું નથી ?''

ગાંધારીના શબ્દો સાંભળી ધૃતરાષ્ટ્રને તેના રૂપ ગુણ શ્રવણ ગોચર થયાં. તે બોલ્યો, : ''આર્યે ! તમારા શબ્દો મારે માટે અપૂર્વ શાન્તિદાયક છે, પંતુ તમે પાટો બાંધવાનો સંકલ્પ ન કર્યો હોત, તો હું તમારી આંખ વડે વિશેષ જોઈ શકત.''



ગાંધારી હસી પડી. તે બોલી : ''મહારાજ ! બધુ વિધિ નિર્મિત હોય છે. માનવીએ તેનો શોક કરવો વ્યર્થ છે.''

બંને જણાં શયનખંડમાં હસતાં હસતાં વાર્તાવિનોદ કરવા લાગ્યાં.

થોડા સમયમાં હસ્તિનાપુરમાં ભોડરાષ્ટ્રમાંથી આમંત્રણ આવ્યું કે કુન્તીભોજની રાજકુમારી કુન્તીનો સ્વયંવર છે.

ભીષ્મ મહારાજ પાંડુને લઈને ભોજરાષ્ટ્રમાં ગયા. તેમનો કુન્તીભોજે સત્કાર કર્યો. બધા રાજાઓ આસને બેઠેલા હતા. રાજકુમારી કુન્તી સખીઓ સાથે વરમાળા લઈને સ્વયંવરના મંડપમાં આવી અને તેણે વિશાળભૂજા અને છાતીવાળા પરાક્રમી પાંડુના કંઠે વરમાળા આરોપી.

સ્વયંવરનો મંડપ મહારાજ પાંડુના જયનાદથી ગાજી ઊઠ્યો. કુન્તીભોજે ભારી પહેરામણી આપી કન્યાને વિદાય દીધી. ભીષ્મ તથા પાંડુ કન્યાને લઈને હસ્તિનાપુરમાં આવ્યા. નગરજનોએ ઉત્સાહથી રાજકુમારીને વધાવી લીધી.

મહેલમાં પ્રવેશ કરી કુન્તી રાજમાતા સત્યવતીને પગે લાગી અને આશીર્વાદ મેળવ્યા.

તે પછી ભીષ્મ શલ્યરાજ સાથે રાજદ્વારી સંબંધ બાંધવા મદ્રદેશ ગયા. અને મદ્રરાજ પાસે રૂપરૂપના અંબાર જેવી રાજકન્યાની પાંડુ માટે માગણી કરી. પોતાનો સંબંધ હસ્તિનાપુર સાથે બંધાય એ ઉચિત ગણી તેમણે નિઃસંકોચ ભીષ્મના પ્રસ્તાવને વધાવી લીધો. રાજકુમાર શલ્ય પણ પ્રસન્ન થયો અને મૂલ્યવાન

ભીષ્મે હસ્તિનાપુરમાં અનેક યજ્ઞોનું આયોજન કરી, પાંડુએ મેળવેલું ધન જનકલ્યાણ અર્થે વાપરી નાખ્યું. આ યજ્ઞોથી વળી કુરુવંશની કીર્તિમાં અનેક ગણી વૃદ્ધિ થઈ.

શ્રીકૃષ્ણનાં મર્મવેધી વચનો સાંભળી, સંજય હસ્તિનાપુર જવા વિદાય થયો. જતાં જતાં તેનું ચિત્ત અનેક તર્કવિતર્કમાં ઝોલાં ખાતું હતું.

તે હસ્તિનાપુરમાં પહોંચી સીધો મહારાજ ધૃતરાષ્ટ્ર પાસે ગયો અને શ્રીકૃષ્ણે કહેલો સંદેશો કહી સંભળાવ્યો. શ્રીકૃષ્ણનો સંદેશો સાંભળતાં જ ધૃતરાષ્ટ્ર બેબાકળો બની ગયો. દ્રૌપદીના વસ્ત્રહરણ વેળા ભીમે ભરસભામાં લીધેલી પ્રતિજ્ઞાઓનું તેને સ્મરણ થઈ આવ્યું. તેથી તેને પોતાના તુત્રોની ચિંતા થવા લાગી. તેમ છતાં તેણે પોતાનો મનોભાવ દબાવી સંજયને વિદાય કર્યો.

રાત્રે તેણે ભોજન પણ ન લીધું અને આખી રાત અજંપામાં વીતાવી. તેને આખા શરીરે બળતરા થવા લાગી. માનસિક અસ્વસ્થતામાં તેને ભયજનક દશ્યો દેખાવા લાગ્યા. તે એટલો બધો ગભરાઈને આકળવિકળ થિ ગયો કે પ્રતિહારીને મોકલી તત્કાલ વિદુરને બોલાવ્યો. વિદુર આવ્યો એટલે તેણે અસ્ખલિતપણે કહેવા માંડ્યું : "ભાઈ વિદુર ! મારા મનમાં વ્યાકુળતા વધી છે, અશાન્તિથી મારું મસ્તિષ્ક ભમે છે. ઊંઘ આવતી નથી, હું શું કરું તો મને શાન્તિ થાય ?"

વિદુરે ધૃતરાષ્ટ્રની વાત સાંભળીને કહ્યું : "મહારાજ ! હવે ચિંતા કરે કશું વળે તેમ નથી. મેં તમને પહેલાંથી જ ચેતવણી આપેલી કે, તમે દુર્યોધન ઉપરની મમતા છોડી દૌ. તેનો ત્યાગ



કરો, પરંતુ તે વેળા તમે મારો તિરસ્કાર કર્યો. હવે એ પળ વીતી ગઈ. હવે યુદ્ધ વિના કોઈ માર્ગ રહ્યો નથી. બંને પક્ષો યુદ્ધ માટે સજ્જ થઈ રહ્યા છે. જેઓ નિંદનિય વસ્તુનો ત્યાગ કરે છે, પ્રશસ્ત વસ્તુઓનો સ્વીકાર કરે છે, તેઓ જ સાચા વિદ્વાનો છે. જેનાં કાર્ય ક્રિયાઓ કોઈ પ્રથમથી સમજી શકતું નથી, પરંતુ જ્યારે પરિણામ આવે છે ત્યારે જ લોકો જાણે છે, એ જ સાચા પંડિતો છે. જેની બુદ્ધિ વહેવાસુ હોવા છતાં ધર્મ અને અર્થને અનુકૂળ હોય છે, તે જ સાચા પંડિતો છે. જે પોતાની શક્તિ અનુસાર કાર્ય કરે છે, અપ્રાપ્ત વસ્તુની ઈચ્છા કરતા નથી, ગત વસ્તુનો શોક કરતા નથી, આપત્તિમાં વિહ્‌વળ થતા નથી. કર્તવ્યકર્મમાં રુચિ રાખે છે, અને સર્વના હિતની રક્ષા કરે છે, એ જ સાચા પંડિતો છે.

જે મિત્રને શત્રુ ગણે ને શત્રુને મિત્ર ગણે છે, તે મૂર્ખ છે. જે દુષ્કર્મનું આચરણ કરે, સત્કર્મનો ત્યાગ કરે, વિના બોલાવ્યો આવે અને બકવાદ રે, જે દુષ્ટ ઉપર વિશ્વાસ કરે, શક્તિ કરતાં વધારે કામ કરવા જાય, સામર્થ્ય વિના બાથ ભરે, વિના વિચારે કાર્યનો આરંભ કરે, અનિષ્ટની ઈચ્છા કરે, બળવાનનો તિરસ્કાર કરે, પરધનની લાલસા રાખે અને કૃપણની સેવા કરે તે મૂઢ છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર આ છ શત્રુઓને વશ વર્તે, તેનું કલ્યાણ શી રીતે થાય ? જેણે અભિમાન, બકવાદ, લોભ, સ્વાર્થ ક્રોધ અને મિત્રદ્રોહ એ છનો ત્યાગ કર્યો નથી, તેના જીવતરનો શો અર્થ ?

હે રાજન્ ! આપ પણ આ છ શત્રુઓ જેવા દુર્ગુણનો ત્યાગ કરી, તેમનાથી દૂર રહો અને જેઓ આપની માનમર્યાદા જાળવતા

આમ બંને બચ્ચે વડચઢ વધી પડી અને બંને જણે નિશ્ચય કર્યો કે, આપણે ત્રીજા પાસે ન્યાય કરાવવો અને જે હારે તે જીતેવાનો જીવનભર દાસ બને. આ હોડનો બંને જણે સ્વીકાર કર્યો. વિરોચને પૂછ્યું : ''બોલ સુધન્વા ! ન્યાય કોની પાસે કરાવીશું ?''

સુધન્વાએ કહ્યું : ''આપણો ન્યાય તો રાજા પ્રહ્લાદ જ કરી શકે. તેમના કરતાં વધારે ન્યાયી અને તટસ્થ બીજો કોણ છે ?''

સુધન્વાની વાત સાંભળી વિરોચન રાજી થઈ ગયો, કાણ કરે પ્રહ્લાદ તેનો પિતા થતો હતો. તેના મનમાં હતું કે, મારા પિતા મારા પક્ષમાં જ ન્યાય કરશે. બંને જણા ન્યાય કરાવવા પ્રહ્લાદજી પાસે ગયા. પ્રહ્લાદજીએ બંન્ની વાત સાંભળી લીધી અને તેમણે હોટ પણ જાણી લીધી, તેમ છતાં તેઓ ધર્મનીતિ ઉપર અડગ રહ્યા. પક્ષપાતથી પર રહ્યા. મારા તારાનો ભેદ ભૂંસી નાખ્યો. પુત્રપ્રેમના કારણે તેઓ ન્યાયવૃત્તિથી ચલિત થયા નહીં. દાસત્વમાંથી પોતના પુત્રને ઉગારી લેવાનો વિચાર પણ કર્યો નહીં. તેમણે નિષ્કપટભાવે કહ્યું : ''પુત્ર ! તું આવડા મોટા રાજયનો અધિકારી છે. છતાં આ રંક બ્રાહ્મણની તોલે આવી શકે નહીં. કેમણે શાસ્ત્રમાં વિદ્યાને સર્વોપરી કહી છે.'' પ્રહ્લાદનો પક્ષપાતરહિત ન્યાય સાંભળી સુધન્વા તેમને ચરણે નમ્યો. તેમણે પોતના પુત્ર ઉપરના મમત્વને કારણે કીર્તિને ઝાંખી પડવા દીધી નહીં. આજે પણ આપણે પ્રહ્લાદને અહોભાવે સંભારીએ છેએ. હે રાજન્ ! તમે પણ દુર્યોધનનો પક્ષપાત ન કરતાં, સત્ય, ન્યાય, નીતિ અને ધર્મ ઉપર દષ્ટિ રાખો. જો એમ નહીં કરો તો તમારા પુત્ર, પૌત્રો, અમાત્યો અને સગાંસંબંધી સહિતનો નાશ થશે.''



વિદુરે નીતિનિયમો દષ્ટાંત સાથે કહ્યા, છતાં ધૃતરાષ્ટ્રમાં કશો ફેરફાર જણાયો નહીં. તેથી તેમણે બોલવાનું ચાલુ રાખ્યું : ''હે રાજન્ ! જેઓ ક્ષમાશીલજનોને નિર્બળ માને છે, તેઓ પામર છે. ક્ષમા તો વીરનું ભૂષણ છે. ક્ષમાથી તો બળવાન પુરુષોને પણ જીતી શકાય છે. જેના હાથમાં ક્ષમાનું શસ્ત્ર હોય, તેને દુર્જનો પણ કશું કરી શકતા નથી. જેમ ધૂળભરી ધરતીમાં પડેલો અંગારો આપોઆપ ઓલવાઈ જાય છે, તેમ ક્ષમાશીલ મનુષ્યો આગળ દુષ્ટ લમનુષ્યો પણ શાન્ત થઈ જાય છે.

હે ભાઈ ! ભાર્યા, પુત્રો અને સેવકો એ અમૂલ્ય ધન છે. પરધનની પ્રાપ્તિ, પરદારાનું સેવન અને સુહૃદયનો પરિત્યાગ કરવાથી, પોતાનો ક્ષય થાય છે. કામ, ક્રોધ અનો લોભ એ નરકનાં દ્વાર ગણાય છે, ને તે આત્મવિનાશનાં સાધનો છે. વૃદ્ધ, કુલીન, અતિથિ, રંક, મિત્ર અને નિરાધાર બહેનને પોતાના ઘરમાં આશ્રય આપવો એ ધર્મ છે. નદીનું મૂળ, ઋષિ સાધુનું કુળ તથા સ્ત્રીઓના દુષ્ચરિત્રો જોવાનો યત્ન ન કરવો જોઈએ. દુષ્ટજનોને સત્તાસૂત્રો ન સોંપવાં જોઈએ. તમે દુર્યોધન, શકુનિ, કર્ણ અને દુઃશાસન જેવાઓને રાજ્યધૂરા સોંપી ગૌરવ શી રીતે મેળવશો ?''

પાંડવો પ્રત્યે દ્વેષ રાખીને જીવવાનો પ્રયત્ન કરવા કરતાં તેમને પ્રેમથી જીતવાનો યત્ન કરવો જોઈએ. અન્યાયીને ન્યાયથી, પાખંડીને સાધુતાથી, નીચને દાનથી, અસત્યને સત્યથી જીતવું જોઈએ. પ્રજોત્પત્તિ ન થાય તેવું મૈથુન, અન્ન, વસ્ત્ર કે આવાસ ન મળતો હોય તેવી સેવા, પ્રજા વિનાનું રાજ્ય, શાસ્ત્રને યથાર્થ ન જાણનારો આચાર્ય, રક્ષણ ન કરી શકે તેવો રાજા, કર્કશા વાણી

વિદુરના નીતિબોધથી ધૃતરાષ્ટ્રને શાન્તિ મળી નહીં. તેમને તો પોતાની માન્યતાની પુષ્ટિ કરે એવો બોધ જોઈતો હતો, પરંતુ વિદુરનો બોધ તો તેમના માન્યતાઓને હચમચાવી નાખનારો હતો. કોઈ રીતે તેમને વિદુરબોધ મનોનીત લાગ્યો નહીં. તેથી ધૃતરાષ્ટ્રની અશાન્તિનો અંત આવ્યો નહીં. અંધ ધૃતરાષ્ટ્રને અશાન્તિ ઘેરી વળી હતી. તેમ છતાં શાન્તિના સાચા ઉપાયો તેને ગમતા ન હતા. વિદુરબોધ તેને ગળે ઊતર્યો નહીં. તેથી તેમણે મહર્ષિ સનત્સુજાતાને બોલાવ્યા. સનત્સુજાતા આવ્યા પછી ધૃતરાષ્ટ્ર અને વિદુરે તેમનો અર્ધ્યાદિથી સત્કાર કર્યો અને ધૃતરાષ્ટ્રે પોતાની મનોવ્યથા કહી.

સનત્સુજાતાએ કહ્યું : “રાજન્ ! મૃત્યુનું રહસ્ય તમે જાણો છો ? પ્રમાદ અને અજ્ઞાન મૃત્યુનું કારણ છે. લોકો પોતાની અજ્ઞાનતાના કારણે જાતે જ મૃત્યુના મુખમાં હોમાય છે. લોભ, ક્રોધ, ઈર્ષા, અસુયા, મોહ, દ્રોહ, મત્સર અ કટુવાણી આ બધામાંથી જો એકપણ દુર્ગુણ મનમાં ઘર કરે તો પહલાં તો તેના દેહનો નાશ થાય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષા અને અસૂયા જેના મનમાં હોય નહીં, તે સદા મુકત જ છે. સંયમ, ત્યાગ અને અપ્રમાદ એ મુક્તિનાં સાધનો છે. તેઓ સાંસરિક રીતે રંક ગણાતા હોય પણ ધર્મની દૃષ્ટિએ સમૃદ્ધ છે.

જે મનુષ્ય પોતે જેવો છે તેવો દેખાવા કરતાં, વિપરીત દેખાવાનો દંભ કરે છે, તે આત્મવંચક અને કપટી છે. મૃત્યુ વાઘની પેઠે તરાપ મારીને મારી નાખતું નથી. તે તો માનવીનાં કર્મોમાં વસે છે. કર્મોનો પરિપાક થતાં માનવીનો વિનાશ થાય છે. આત્મામાં જ બુદ્ધિનું આરોપણ કરવું તે અમૃતપ્રાપ્તિ છે. સત્કર્મનું ફળ ભોગવવા



મળે એ જ સ્વર્ગપ્રાપ્તિ છે. પરંતુ તેઓ કાંઈ મૃત્યુથી બચી શકતા નથી. જેઓ કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સરથી પર થાય છે, તેઓ જ મૃત્યુને તરી જાય છે. હે રાજન્ ! તમે સત્યનું આલંબન કરો, મન, કર્મ અને વાણી જેનાં એકરૂપ હોય છે, એકબીજાથી ભિન્ન હોતાં નથી, તેઓનો સંકલ્પ સિદ્ધ થાય છે. કામક્રોધાદિ માનવીને ઘેરીને બેઠેલાં હોય છે. તેમાંથી કોઈક યોગીજનો જ મુક્ત થાય છે. મુક્ત થયેલાઓ જ પરમાત્માનું દર્શન કરી શકે છે.”

આ પ્રમાણે વાતો કરતાં કરતાં આખી રાત વીતી ગઈ. પ્રભાત થયું. મહર્ષિ સનત્સુજાતા ઉપદેશ આપી ત્યાંથી વિદાય થયા.

વિદુર અને સનત્સુજાતાના ઉપદેશથી ધૃતરાષ્ટ્રને ક્ષણિક શાન્તિ મળી. વળી પાછો તે વિચારમાં પડ્યો કે, દુરાગ્રહી દુર્યોધનને સમજાવવો શી રીતે ? તે કોઈ રીતે માને તેમ ન હતો. તેને તો કર્ણ, શકુની અને દુઃશાસનની જ વાતો સાચી લાગતી હતી. તે છતાં ધૃતરાષ્ટ્રે મનમાં નિર્ધારણ કર્યું કે, જ્યારે સંધિ માટે શ્રી કૃષ્ણ અહીં આવશે, ત્યારે તેઓ દુર્યોધનને સમજાવશે.

આવી આશાએ તેમણે સમયની પ્રતીક્ષા કરવાનો નિર્ણય કર્યો.

ત્યાં સુધી યુધિષ્ઠિરને પકડવા સહેલા નથી. જો યુક્તિ પ્રયુક્તિ કરીને તું અર્જુનને દૂર ખેંચી જાય, તો એક મુહૂર્તમાં હું યુધિષ્ઠિરને તારી પાસે પકડી લાવું. પરંતુ જો યુધિષ્ઠિરને કંઇ થયું તો તેનું દુષ્પરિણામ તારે ભોગવવું પડશે, એ વાત પણ ધ્યાનમાં રાખજે.''

દ્રોણાચાર્યનો મર્મ દુર્યોધન સમજી શક્યો નહીં. તે ઉત્સાહમાં આવી સૈન્યમાં પહોંચી ગયો અને મોટા ભાગના યોદ્ધાઓને આ વાત કહી દીધી. યોદ્ધાઓ સહિત આખું સૈન્ય ઉત્સાહમાં આવી ગયું. બધા જાણતા હતા કે પાંડવો અને કૌરવો બંન્ને દ્રોણના શિષ્ય હતા. યુદ્ધવિદ્યા વિશારદ આચાર્ય દ્રોણ સામે પાંડવો ટકી શકવાના નથી. દુર્યોધનની ઉત્તેજિત વાણી સાંભળી કૌરવદળમાં ઉત્તેજના વ્યાપી ગઇ. કેટલાક યોદ્ધાઓએ અગ્નિ પ્રગટાવી તેની સમક્ષ પ્રતિજ્ઞા કરી કે યુદ્ધમાં કાં તો અમે અર્જુનને મારીશું અથવા તો વીરગતિ પામીશું. કદાપિ પાછી પાની કરીશું નહીં. આ પ્રમાણે શપથ લેનારા શપથકારી સંશપ્તક યોદ્ધાઓએ અર્જુનને મારવાનું કે મરવાનું દુર્યોધનની આગળ પણ લીધું. આથી પ્રસન્ન થઇ દુર્યોધને આ સંશપ્તકોનું સેનાપતિપદ ત્રિગર્તના રાજા શશર્માને સોંપ્યું. આથી કૌરવસૈન્યમાં ભારે હર્ષનાદ થયો. રણવાદ્યો વાગવા માંડ્યાં અને યોદ્ધાઓએ રણગર્જનાઓ કરી દિશાઓને ગજવી મૂકી.

દુર્યોધને કૌરવસેનાધિપતિ દ્રોણાચાર્યની પ્રતિજ્ઞાની વાત, હર્ષાવેશમાં જોર જોરથી કૌરવસૈન્યમાં કહી સંભળાવી. આ આખીયે યોજના અને સંશપ્તકોના દળની રચના યુધિષ્ઠિરને પોતાના પ્રણિધિઓ ગુપ્તચરો દ્વારા જાણવા મળી. તેથી તેમણે સચેત બની



બધા રાજાઓ અને યોદ્ધાઓને બોલાવી સભા ભરી. તેમણે સભાસદોને સંબોધી કહ્યું : ''આપણને સમચાર મળ્યા છે કે, દ્રોણાચાર્યે કૌરવોનું સેનાધિપતિપદ ગ્રહણ કર્યું છે, અને અર્જુનને સંશપ્તકો સાથે યુદ્ધમાં દૂર ઢસડી લઇ, મને બાંધીને પકડી જવાની યોજના ઘડી છે.''

અર્જુન બોલ્યો : ''દુર્યોધન પોતાની ધારણા પાર ન પાડે તે માટે આપણે બધાએ સાવધ રહેવાનું છે. હું મારા ગુરુનો વધ કરવા માગતો નથી, તેથી હું તેમના ઉપર પ્રાણાન્તે પણ બાણ છોડીશ નહીં અને યુધિષ્ઠિરને પકડાવા પણ દેવાનો નથી. બધા રાજાઓએ હર્ષનાદ કરી કહ્યું : ''અર્જુન ! અમે તમારી પ્રતિજ્ઞા પાલનમાં સહાય કરીશું. અમે કૌરવો સામે લડવા આતુર છીએ. માટે તમે નિશ્ચિંતપણે જે યોગ્ય લાગે તે કરો.''

બંને છાવણીઓમાં મોડી રાત સુધી વ્યુહરચના માટેની મંત્રણાઓ કરી બધા નિદ્રાધીન થયા.

અગિયારમા દિવસનો ઉષઃકાળ થયો ભગવાન ભાસ્કર વિષાદ ભર્યા ઉદય પામતા હતા. રણભૂમિ લોહીથી લદબદ હતી. અસંખ્ય મૃતદેહોના ઢગલા ખડકાયેલા હતા. યોદ્ધાઓનાં કપાયેલા છુટા અવયવોનો તો પાર ન હતો !

નવા સેનાધિપતિ દ્રોણાચાર્યના નેતૃત્વના લીધે કૌરવોમાં ભારે ઉત્સાહ વર્તાતો હતો.

અપરાજિત ભીષ્મનું પતન થવાથી પાંડવસૈન્યમાં પણ હર્ષ ઊભરાતો હતો. તેમને હવે કૌરવસૈન્યની ભીતિ રહી ન હતી.

સામે જ દોડાવતા રહો. હું આજે તેમનો નાશ કરીને જ પાછો ફરીશ. શ્રી કૃષ્ણે અર્જુનના કહ્યા પ્રમાણે રથ દોડાવ્યો. અર્જુને ગાંડીવટંકાર કરી તેની શિંજિની પણછ કાન સુધી ખેંચી અને બમણા વેગથી બાણો છોડવા માંડ્યાં. ગાંડીવના ટંકારના ઉપરાઉપરી ધ્વનિથી સંશપ્તકોનાં કાળજા કપાઈ ગયાં. બંને પક્ષો જીવ ઉપર આવી ગયા અને સામસામી શરવર્ષાથી આકાશ છવાઈ ગયું. અર્જુન અને કૃષ્ણનો રથ પણ દેખાતો બંધ થયો. રથની ધડા કે અશ્વો પણ કોઈને દેખાતા ન હતા. અહીં પાંડવસૈન્ય વમાસણમાં પડ્યું ! એવી ધારણા ફેલાવા લાગી કે અર્જુન અને કેશવનું મૃત્યું થયું ! આ ધારણાથી સૈન્યમાં હતાશા ફેલાતી જોઈ અર્જુને વાયવ્યાસ્ત્રનો પ્રયોગ કર્યો. વાયવ્યાસ્ત્ર છોડતાંની સાથે સૂસવાટા મારતો વાયુ વહેવા લાગ્યો અને આકાશમાં છવાયેલાં બધાં જ બાણ ઊડી ગયાં. વાતાવરણ સ્વચ્છ થઈ ગયું ! અર્જુન અને સુશર્મા સામસામે આવી ગયા અને તુમુલ યુદ્ધ મચ્યું.

આ તકનો લાભ લેવા દ્રોણાચાર્યે યુધિષ્ઠિરને પકડવાનો નિશ્ચય કરી, પૂરવેગથી આક્રમણ કર્યું. દ્રોણને યુધિષ્ઠિર સામે ધસી આવતો જોઈ બધા જ પાંડવયોદ્ધા યુધિષ્ઠિરને બચાવવા તેમને વીંટળાઈ યુદ્ધ કરવા લાગ્યા. પાંડવ અને કૌરવ પક્ષમાં ધમશાણ યુદ્ધ મચી ગયું. બંનેનાં સૈન્યો એક બીજા ઉપર કારમા પ્રહારો કરવા લાગ્યાં. દ્રોણની શરવર્ષાથી પાંડવસૈન્યમાં હાહાકાર થવા લાગ્યો. યુધિષ્ઠિરે એવું બળપૂર્વક બાણ માર્યું કે, દ્રોણાચાર્યના રથનો ધ્વજ કપાયો. ધ્વજ કપાતાંની સાથે દ્રોણે ક્રોધપૂર્વક બાણ મારી યુધિષ્ઠિરનું ધનુષ્ય ભાંગી નાંખ્યું. યુધિષ્ઠિરે શીઘ્રતાથી બીજું ધનુષ્ય ઉપાડ્યું. દ્રોણે તેમના બીજા ધનુષ્યના પણ બે કકડા કરી નાંખ્યાં. યુધિષ્ઠિરને



મુંઝવણ ભરી સ્થિતિમાં મુકાયેલા જોઈ, પાંચાલયોદ્ધાઓ તેમની વહારે ધસી આવ્યા. દ્રોણે અનેક બાણોના પ્રહારો કરી પાંચાલસૈન્યને વેરવિખેર કરી નાંખ્યું અને પાંડવ સૈનિકોનો ભારે સંહાર થવા લાગ્યો. દ્રોણનાં તીવ્ર બાણો સહન ન થતાં સૈનિકો નાસભાગ કરવા માંડ્યાં !

યુધિષ્ઠિરને વિષમ પરિસ્થિતિમાં મુકાયેલા જોઈ દુર્યોધન કર્ણ પાસે દોડી ગયો અને બોલ્યો : " કર્ણ ! જો જો ! પાંડવસૈન્ય નાસી રહ્યું છે. આચાર્ય દ્રોણ આજે પાંડવોનો સંહાર કરી ને જ રહેશે."

કર્ણે કહ્યું : "રાજન્ ! ઉતાવળું અનુમાન ન કરો. પાંડવો એમ સહેલાઈથી જીતાય એવા નથી. તેમનામાં હજુ સાત્યકિ, યુયુત્સુ જેવા ઘણા યોદ્ધાઓ પડ્યા છે." આમ બંને જણા વાત કરતા હતા, એવામાં યુધિષ્ઠિરને સંકટમાં સપડાયેલા જોઈ, ભીમસેન સૈનિકો સાથે ગદા ઉછાળતો આવતો હતો. તે જોઈ કર્ણ બોલ્યો : "રાજન્ ! જુઓ ! જુઓ ! પેલો ભીમસેન દ્રોણ સામે ધસી રહ્યો છે. તેમને શીઘ્ર ચેતાવો નહીં તો દ્રોણ અસાવધ સ્થિતિને લીધે સંકટમાં મુકાશે." દુર્યોધને તત્ક્ષણ સૈનિકો મોકલી દ્રોણનું ધ્યાન ભીમ ઉપર ખેંચ્યું.

રથ પાછળ રાખી શિખંડીનો રથ આગળ કર્યો. શિખંડીને જોતાં જ ભીષ્મનો હાથ પણછ પર જ રહી ગયો ! તેમણે ધનુષ્ય પરથી બાણ ઉતારી લીધું અને ઢાલ પકડી પોતાનો બચાવ કરવા લાગ્યા.

ભીષ્મને ધર્મસંકટમાં જોઇ કેટલાક રાજાઓ તેમને સહાય કરવા દોડી આવ્યા. તે સમયે અભિમન્યુ અને સાત્યકિ સાવધ થયા અને આવનાર રાજાઓ ઉપર બાણવર્ષા કરી તેમને ભીષ્મ પાસે જતા અટકાવી દીધા. વયોવૃદ્ધ ભીષ્મ સાવ એકલા પડી ગયા ! તેમના શરીરમાં શિખંડીનાં બાણ ખૂંપી જતાં હતાં. છતાં તેઓ શિખંડી સામે નિષ્ક્રિય બની ઊભા રહેતા. તે સમયે તક જોઇ અર્જુન ઉપરાઉપરી બાણ મારતો. જ્યારે ભીષ્મ અર્જુન પર બાણ મારવા ધનુષ્ય પર શરસંધાન કરતા, ત્યાં પાછો શિખંડી આગળ આવી જતો. શિખંડી આવતાં જ ભીષ્મ પાછા પડી જતા અને તે સમયે તેઓ અર્જુનનાં તીક્ષ્ણ બાણોના ભોગ બનતા !

જ્યારે ભીષ્મ નિષ્ક્રિય બનતા તે વેળા શ્રીકૃષ્ણ અર્જુનનો રથ આગળ લાવતા અને જ્યારે ભીષ્મ ધનુષ્યટંકાર કરે, ત્યાં તો તેઓ શિખંડીના રથને આગળ લઇ જવા આદેશ આવતા. તેથી ભીષ્મ વારેવારે ધર્મસંકટમાં સપડાતા અને બંનેનાં બાણોનો ભોગ બનતા.

શિખંડીનાં બાણોથી ભીષ્મની ત્વચા ચિરાતી અને તેમાંથી લોહી નીકળતું અને માંસના લોચા બહાર નીકળતા. તેમના રોમેરોમમાં બાણ ભોંકાતાં હતાં. તેમ છતાં તેઓ તક મળતાં જ પાંડવસૈન્યનો ભયંકર સંહાર કરતા. અત્યાર સુધી તેમણે શિખંડીને એક પણ બાણ માર્યું ન હતું. મૂશળ ધાર વરસાદને જેમ ધરતી



ઝીલી લે, તેમ શિખંડીનાં બાણો ભીષ્મ પોતાના શરીર પર ઝીલી લેતા. ભીષ્મને બચાવવા ; તેમની વહારે ધાવા કૌરવો ધરી આવતા. પરંતુ સાત્યકિ, ધૃષ્ટદ્યુમ્ન અને અભિમન્યુના સબળ પ્રતિકાર આગળ તેઓ આગળ વધી શકતા નહીં. અનેક સૈનિકો, રથીઓ, અશ્વારોહીઓ સામસામા લડીલડીને મૃત્યુ પામ્યા. રણભૂમિની માટીમાં લોહી ભળવાથી લોહીનો કાદવ કાદવ થઇ ગયો હતો. ઘોડાઓનો હણહણાટ, રથનો ગડગડાટ, હાથીઓની ચીસો અને યોદ્ધાઓના ચિત્કારથી વાતાવરણ ધ્રૂજી રહ્યું હતું. બંને પક્ષનો એક એક યોદ્ધો સૂર્ય ઢળતા પહેલાં ચાર ચાર બળદગાડાં ભરેલાં બાણો બાપરી નાંખતો હતો.

ભીષ્મ લાગ મળતાં જ અષાઢ માસની ઝડી પેઠે અર્જુન પર બાણની ઝડી વરસાવવા લાગ્યા. તે વેળા અર્જુને શરસંધાન કરી ભીષ્મનું ધનુષ્ય કાપી નાંખ્યું. ભીષ્મે બીજું ધનુષ્ય ઉઠાવ્યું અને તે શરસંધાન કરે તે પહેલાં અર્જુને બીજું ધનુષ્ય પણ કાપી નાખ્યું. અર્જુન શિખંડીની પીઠ પાછળ રહીને બાણવર્ષાથી ભીષ્મને વધુને વધુ ઘાયલ કરી રહ્યો હતો. તેનું કોઇ કોઇ બાણ તો તેમનુ કવચ ભેદીને આરપાર નીકળી જતું, તેથી તેમના દેહમાંથી લોહીની ધારાઓ વહેતી હતી. અર્જુનનાં બાણો એટલાં બધાં ત્વરાથી આવતાં હતાં કે, ભીષ્મને પોતાના દેહમાંથી બાણ ખેંચી કાઢવાનો પણ સમય મળતો ન હતો. પિતામહનું શરીર બાણોથી ભેદાઇ ગયું હતું. શિખંડીનાં બાણ ભીષ્મની ત્વચા ચીરીને લટકતાં હતાં. અર્જુનનાં બાણ તો દેહના મધ્ય ભાગ સુધી પહોંચી અસહ્ય પીડા ઉપજાવતાં હતાં. કેટલાંક તેમના શરીરને વીંધી બહાર નીકળી ગયા હતાં. ભીષ્મનાં રૂવેરૂવાં છેદાઇ ગયાં હતાં, તેથી તેમના હૃદયમાં વેદના ઊપડી હતી. તેમની પાસે દુઃશાસન ઊભો

કૌરવો, પાંડવો, ઋષિ મુનિઓ અને તપસ્વિનીઓ ભીષ્મને ઘેરીને બેઠાં હતાં. ભીષ્મમાં ચેતનાનો સંચાર થતાં તેઓ બોલ્યા : "મારું માથું ઢળી પડે છે, મારે યોગ્ય ઉપધાન ઓશીકું આપો !"

યુધિષ્ઠિરે પૂછ્યું : "મહાત્મા ! રાજા અને પ્રજા એટલે શાસક અને શાસિત એ બે વર્ગનો પ્રારંભ ક્યારથી થયો ? તેનો હેતુ શો ?"

ભીષ્મ : "ભાઈ ! સૃષ્ટિના આરંભકાળમાં આવી કોઈ વ્યવસ્થા ન હતી. સહુ એકબીડાને અનુરૂપ વર્તન કરતા, સબળજનો નિર્બળજનોનું પોષણ કરતા પરંતુ કાળક્રમે સબળ નિર્બળના ભેદ ઉત્પન્ન થયાં. આથી સબળજનો નિર્બળજનોનું શોષણ કરવા લાગ્યા. આથી સબળજનો ઉપર શાસન કરવાની આવશ્યકતા ઊભી થઈ. આમ ન્યાયનીતિના પ્રવર્તન માટે રાજા અને પ્રજાના વિભાગો થયા. ઋષિજનોએ શાસ્ત્રજ્ઞોએ આના નિયમો વિચારી દંડસંહિતા ઘડી. આ દંડ સ્વયં તો નિર્જીવ પદાર્થ છે. તેની સત્તા દુષ્ટજનો ઉપર ચાલી શકે નહીં, તેથી સમર્થ વ્યક્તિ દંડધારક બન્યો. સૌ પ્રથમ ભગવાન વિષ્ણુ દંડધારક સ્વરૂપે પ્રગટ થયા. તેમનું રાજરૂપ હોવાથી મુનિજનોએ તેમને પૃથુરાજા કહી સંબોધ્યા. ત્યારથી રાજા શબ્દનો પ્રાદુર્ભાવ થયો અને તે પ્રજાને નિયમમાં રાખનાર વ્યક્તિના અર્થમાં વપરાવા લાગ્યો. આ રાજાએ પ્રજાનું રક્ષણ કરી, પ્રજાની ઉન્નતિ માટે તત્પર રહેવું જોઈએ. જો રાજા આળસુ, નિર્બળ અને વ્યસની હોય તો તે રાજધર્મથી પદ ભ્રષ્ટ કરવા યોગ્ય ગણાય છે."

યુધિષ્ઠિરે પૂછ્યું : "પિતામહ ! મને ચાર આશ્રમ અને ચાર વર્ણના ધર્મ સમજાવવાની કૃપા કરો !"



ભીષ્મે કહ્યું : "ભાઈ ! આશ્રમના ચાર વિભાગ છે. બ્રહ્મચર્યાશ્રમ : જીવનનાં પહેલાં પચ્ચીસ વર્ષમાં આશ્રમવાસ કરી ગુરુસેવા દ્વારા વિદ્યાની પ્રાપ્તિ કરવી. ગૃહસ્થાશ્રમ : બીજા પચ્ચીશ વર્ષમાં જીવનયાપન માટે ધર્મ નીતિ દ્વારા દ્રવ્યની પ્રાપ્તી કરવી અને અતિથિસેવા કરવી. વાનપ્રસ્થાશ્રમ : વનગમન કરી પ્રભુપરાયણ રહી જીવન વિતાવવું. સંન્યાસાશ્રમ : સર્વ રીતે સંસાર ભાવનો ત્યાગ કરી, હરિધ્યાનમાં મગ્ન રહેવું આત્મચિંતન કરવું. આ ચારે આશ્રમોના ધર્મ તને કહ્યા.

મનુષ્યના ગુણકર્મના આધારે ભગવાન મનુએ તેની ચાર વર્ણમાં વહેંચણી કરી છે ; બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. જેમનામાં ભણવું, ભણાવવું અને વેદોનું અધ્યયન કરવાનો સ્વભાવ હોય તે બ્રાહ્મણ, જેમનામાં પોતાની અને બીજાની રક્ષા કરવાનો સ્વભાવ હોય તે ક્ષત્રિય, જેમનામાં ખેતી અને વેપાર વણજનો સ્વભાવ હોય તે વૈશ્ય અને જેમનામાં સેવા કરવાનો સ્વભાવ હોય તે શૂદ્ર કહેવાય છે.

યુધિષ્ઠિરે પૂછ્યું : "મહાત્મા ! આ ચાર આશ્રમો અને ચારવર્ણના વિભાજનનો હેતુ શો હશે ?"

દેવવ્રત ભીષ્મ બોલ્યા : "યુધિષ્ઠિર ! આ ચાર પ્રકારના વિભાજનનો હેતુ એ છે કે, જેથી સમાજ સુદૃઢ અને વ્યવસ્થિત રીતે ચાલ્યા કરે. બ્રહ્મચર્યાશ્રમનું લક્ષ્ય વિદ્યાસંપાદન અને તેના પ્રસારનું છે. જેથી માનવમાત્રમાં વિવેક જાગે, ગૃહસ્થાશ્રમમાં જો નારીનો ત્યાગ કરવામાં આવે, તો સંસારનો પ્રવાહ અટકી પડે. વાનપ્રસ્થ આશ્રમથી ચિત્તની અશાન્ત વૃત્તિઓ વિરામ પામે, પરિણામે

શત્રુ નોળિયો દર પાસે ઊભો રહી તેની વાટ જોતો, પોતાનાં ગલોફાં ચાટતો હતો ! ઉપર જોયું તો વડના ડાળા ઉપર એક તીક્ષ્ણ ચાંચવાળો ઘુવડ તેને ખાવા માટે ટાંપી રહ્યો હતો. પોતાની એક શત્રુ બિલાડી તો ફાંસલામાં પડી હતી, પરંતુ બીજા આ બે શત્રુઓનું શું ? પોતાના દર પાસે નોળિયો હતો, વડના ડાળા ઉપર ઘુવડ હતો અને ફાંસલામાં બિલાડી હતી. ઉંદર માટે ત્રણે દિશાએ મોત ઊભું હતું ! પરંતુ આ ઉંદર જેવો તેવો ન હતો, કે ગભરાઈ જાય. એ તો બુદ્ધિમાન અને ચતુર હતો. નીતિનો જ્ઞાતા હતો. તેને થયું : એક આપત્તિમાં પડેલો જીવ બીજી આપત્તિમાં પડેલા જીવ પ્રત્યે સહાનુભૂતિ રાખતો હોય છે. આ નીતિસૂત્રનું સ્મરણ થતાં તે સાહસ કરીને પેલી બિલાડી પાસે ગયો અને નિર્ભયપણે બોલ્યો : "બિલાડીબાઈ ! અત્યારે હું આપત્તિમાં ઘેરાયો છું. જોને ! સામે નોળિયો અને ડાળા ઉપર ઘુવડ મારો ભક્ષ કરવા ટાંપી રહ્યો છે. હું તારી જાળ પાસે ફર્યા કરું છું. એટલે તમારી બીકથી તેઓ મારા ઉપર તરાપ મારવાનું સાહસ કરતા નથી. ગમે તેમ પણ આપણે એકબીજાનાં પડોશી છીએ, સાથે જ રહીએ છીએ. એટલે એકબીજાની સહાય કરવી એ આપણો ધર્મ છે. તું તાંતની જાળમાં ફસાઈ છે, પરંતુ હું મારા તીણા દાંત વડે આ જાળને કાપી તને મુક્ત કરીશ. મારા વિના તને મુક્ત કરે તેવું અહીં કોઈ નથી, પરંતુ તું મુક્ત થતાં જ મને મારી નાંખે તો ? મને તારો ડર લાગે છે."

ઉંદરની વાત સાંભળી બિલાડી પ્રસન્ન થઈ. તેને હવે પોતાના જીવન માટે આશા બંધાણી. તેને જીવનની રક્ષા માટે આ અત્યંત નબળા ઉંદર સાથે સંધિ કરી લેવાનું ઉચિત લાગ્યું. તેથી બિલાડી બોલી : "ભાઈ ઉંદર ! આપણે બંને આપત્તિમાં પડેલાં



છીએ. આવા સંકટ સમયે એકબીજા ઉપર વિશ્વાસ રાખવાથી જ આપણે સુખી થઈશું. તું નિશ્ચય માનજે કે, હું અંતઃકરણથી ઈચ્છું છું કે, તું જીવતો રહે અને તારે પણ ઈચ્છવું જોઈએ કે હું જીવતી રહું. માણસ લાકડાનોં તરાપો સરિતાના ગંભીર જળમાં તરતો મૂકે છે, ત્યારે માણસ કાષ્ટને તારે છે અને કાષ્ટ પણ માણસને તારે છે. એ જ રીતે આપણે પણ પરસ્પર સહકારથી એકબીજાને જીવનદાન આપી શકીશું. તું અને હું બંને મોટા સંકટમાં પડેલાં છીએ. હવે તું વિલંબ ન કર ! ઝટ ફાંસલાની તાંતને કરજવા માંડ અને મંને છૂટી કર. હું છુટ્યા પછી તારો ઉપકાર નહીં ભૂલું. તને દેવ સમજીને તારી પૂજા કરીશ. અત્યારે હું બિલાડીરાણી નહીં બિલાડી દાસી છું, હું તારે આધીન છું. મને સત્વરે બચાવી લે !"

બિલાડીની ગંભીર વાણી સાંભળી અર્થવેત્તા ઉંદરે પોતાની વાતથી દમિત થયેલી બિલાડીને કહ્યું "બિલાડીબહેન ! મેં તારા ઉપર ઉપકાર કરવાનો નિશ્ચય કર્યો છે. તારા હિત માટે હું આ ફાસલાની તાંતને કાપવા અધીર છું, પરંતુ અત્યારે હું આ નોળિયા અને ઘુવડથી ભયભીત છું, માટે મને તારા ખોળામાં છુપાઈ જવા દે ! મારી નોળિયા અને ઘુવડથી રક્ષા કર. તું મને ખાઈ નહીં જાય અને મારી રક્ષા કરીશ, તો હું પણ જાળ કાપીને તને મુક્ત કરીશ."

બિલાડી તો પોતાનો જીવ બચાવવા ઉંદર જે કહે તે કરવા તત્પર હતી, તેથી તે બોલી : "ભલે, તું દોડ્યો આવ. તું મારો પ્રાણપ્રિય બંધુ છે. આપણા વચ્ચે સંધિ થઈ ચૂકી છે, એટલે તું લેશ પણ ભય ધરીશ નહીં."

કરીને જ સબળાઓ સબળા રહે છે. એટલે આપણી મૈત્રી સંભવે જ નહીં. નિર્બળે સદા સબળથી દૂર જ રહેવું ઉચિત છે. સબળની દાઢમાંથી સરકી જવાનો નિર્બળ માટે મૃદુતા નમ્રતા એક જ ઉપાય છે.'' એમ કહી ઉંદર પોતાના દરમાં પેસી ગયો. હે રાજન્ ! પ્રાણસંકટમાં આવી પડેલા હોય તેવા આપત્તિકાલમાં શત્રુ કે નિર્બળની સાથે સંધિ કરી કાર્ય સિદ્ધ કરી લેવું. તે માટે મિત્ર સાથે પણ વિરોધ કરવો પડે તો કરવો અને શત્રુ સાથે પણ મિત્રતા કરવી પડે તો કરવી. જે મનુષ્યો સમયોચિત વર્તન કરતા નથી, તેઓ પરિણામે દુઃખ ભોગવે છે. હે યુધિષ્ઠિર ! આ દૃષ્ટાંત ઉપરથી તને આપત્તિકાલનો ધર્મ અને શત્રુ મિત્રની વ્યાખ્યા સમજાઇ હશે.'' એમ કહી ભીષ્મ શાન્ત થયા.

યુધિષ્ઠિરે પૂછ્યું : ''પિતામહ ! રુચિની વિચિત્રતાના કારણે ધર્મમાં અનેક ફાંટા પડી ગયા છે. પ્રત્યેક ફાંટાનાં વિલક્ષણ રૂપો પણ ઘડાયાં છે, એટલે મનુષ્ય માટે સર્વ ધર્મ સમન્વય કરી, તેનું પાલન કરવું કઠિન બની ગયું છે. તેથી માનવી ધર્મમૂઢ બની ગયો છે ; તો સર્વ ધર્મનું સારતત્ત્વ બતાવો જેથી, તેનું સરલતાથી બધા પાલન કરી શકે.''

ભીષ્મ બોલ્યા : ''ભાઈ ! માતા, પિતા અને ગુરુની સેવા કરવી, એ પરમ ધર્મ છે. આ ત્રિમૂર્તિની આજ્ઞાનું પાલન એ શાસ્ત્રાજ્ઞાનું પાલન જ છે. માતા શરીરને જન્મ આપી પોષણ કરનાર છે, પિતા તેનું પાલન કરનાર છે. અને ગુરુ દેહની અધિષ્ઠાત્રી વિવેકબુદ્ધિને જગાડનાર વિકસાવનાર છે. જન્મથી મૃત્યુ પર્યંત જો કોઇ ઉપકારક હોય તો આ ત્રણ જણ છે. મેં મારા પિતાની



અનન્યભાવે સેવા કરી, તેનું શુભફળ ઇચ્છામૃત્યુ મને પ્રાપ્ત થયું છે. એ જેવી તેવી ઉપલબ્ધિ નથી.''

યુધિષ્ઠિરે પૂછ્યું : ''પિતામહ ! સત્ય અને અસત્યનો ભેદ મને બરાબર સમજાવો. ઘણીવાર આ બંને વચ્ચેનો ભેદ એટલો બધો સૂક્ષ્મ હોય છે કે, તેનો ડાહ્યા માણસો પણ વિવેક કરી શકતા નથી.''

ભીષ્મ બોલ્યા : ''સત્ય અસત્યનો વિવેક ઘણો દુષ્કર છે. ઘણીવાર સત્યમાં અસત્યનો અને અસત્યમાં સત્યોનો આભાસ થાય છે. પ્રજ્ઞાવંતોની પ્રજ્ઞા પણ એમાં વારંવાર ઠગાય છે. જે સત્યના પાલનમાં હિંસા થતી હોય તે સત્ય નથી, માત્ર સત્યનો આભાસ છે. અસત્યથી પણ જો કોઇનું કલ્યાણ સધાતુ હોય તો તે અસત્ય દોષપાત્ર નથી. જેનાથી જગતનું મંગલ થાય, પ્રજાનું પોષણ થાય, જેનાથી વૃદ્ધિ થાય અને સુખ વધે એ જ સાચો ધર્મ છે.''

યુધિષ્ઠિરે પૂછ્યું : ''મહાત્મા ! પાપનો ઉદ્‌ભવ શામાંથી થાય છે ? પાપનું મૂળ કારણ શું ? તે મને સમજાવો.''

ભીષ્મ બોલ્યા : ''યુધિષ્ઠિર ! પાપનું આદિકારણ લોભ છે. પાપના મૂળમાં અવનવા સ્વરૂપે લોભ જ રહેલો છે. ચોરીમાં ધનનો, વ્યભિચારમાં પરસ્ત્રીનો, અસત્યમાં સ્વાર્થનો અને પરનિંદામાં પોતાની પ્રશંસાનો પ્રગટ કે પ્રચ્છન્ન લોભ જ રહેલો હોય છે. લોભ એવું ભયંકર પાપ છે કે, તે ક્ષયની પેઠે મનુષ્યના આત્માને કોરી ખાય છે. પરિણામે માનવી માનવી મટી જાય છે. તે જીવે છતાં મરેલો જ ગણાય છે, માટે યુધિષ્ઠિર ! તું લોભનો નાશ કરી કીર્તિ અને સુખ ભોગવ.''

સત્કાર્યોમાં પરોવેલું રાખવું, એકાંત સેવન કરવું નહીં. સદા આત્માનું ધ્યાન ધરવું.''

યુધિષ્ઠિરે પૂછ્યું : ''ધર્મ અને અધર્મનાં લક્ષણો કેવાં હોય છે ?''

ભીષ્મ બોલ્યા : ''ભાઈ ! ખરો ધર્મ આચારમાં રહેલો છે. જે પોતાનાં પાપ જોઈ શકતો નથી, તેને ધર્મ સમજાતો નથી. અંતરાત્માનો આદેશ એ જ ધર્મ અને અંતરાત્માની વંચના એ જ અધર્મ. સત્ય એ ધર્મ અને અસત્ય એ અધર્મ. કોઈને રીઝવવું એ ધર્મ અને દુભવવું એ અધર્મ. સત્ય પ્રિય લાગે તેવું જ બોલવું. અપ્રિય લાગે તેવું કઠોર સત્ય કદાપિ ન બોલવું.''

યુધિષ્ઠિરે પૂછ્યું : ''મહાત્મા ! કેટલીકવાર ભ્રષ્ટપુરુષોમાં શિષ્ટ પુરુષોનાં અને શિષ્ટપુરુષોમાં ભ્રષ્ટપુરુષોનાં લક્ષણો જોવા મળે છે, એટલે સદાચાર જ ધર્મનું યથાર્થ લક્ષણ લાગતું નથી. યથાકાળે ધર્મનાં સ્વરૂપોમાં ફેરફાર થયા કરે છે. દ્રોણાચાર્ય અને કૃપાચાર્ય જેવા એ બ્રાહ્મણોએ ક્ષત્રિયધર્મનું અને વિશ્વામિત્ર જેવા ક્ષત્રિય હોવા છતાં બ્રાહ્મણધર્મનું આલંબન કરેલું છે. તો મને કૃપા કરીને કહો કે, સદાચાર અને ધર્મનો પરસ્પર શો સંબંધ છે?''

ભીષ્મે કહ્યું : ''હે પાંડવ ! જીવમાત્રનું કલ્યાણ કરવું અને તેમની સાથે મિત્રભાવ રાખવો એ પુરાતન સદાચાર છે. યજ્ઞયાગ એ સ્થૂલધર્મ અને અહિંસા એ સૂક્ષ્મધર્મ છે.''

યુધિષ્ઠિરે પૂછ્યું : ''પ્રભુ ! અહિંસા જ ધર્મ હોય તો રાજાએ દંડનો આધાર લીધા વિના પ્રજાનું રક્ષણ શી રીતે કરવું ?''



ભીષ્મ બોલ્યા : ''ભાઈ ! રાજા દુષ્ટની દુષ્ટતાને લીધે તેને દંડ દે છે. મનસ્વી રીતે દંડ દેતો નથી. તેથી પ્રજાશાસન એ અધર્મ નથી. રાજાના શાસનના લીધે પ્રજામાં ધર્મ જળવાઈ રહે છે, માટે દુષ્કર્મ કરનારને અવશ્ય દંડ દેવો જોઈએ.

યુધિષ્ઠિરે પૂછ્યું : ''પિતામહ ! અમે ધનલોભ અને રાજ્યલોભના કારણે ભાઈઓ, પિતૃઓ, પૌત્રો અને ગુરુજનોનો સંહાર કરી નાંખ્યો છે ; તો એ અમને લોભમાં ઢસડનારી તૃષ્ણાનો નાશ શી રીતે થાય ?''

ભીષ્મે કહ્યું : ''દુષ્ટ બુદ્ધિવાળા મનુષ્યોથી તૃષ્ણા તજી શકાતી નથી. જેમ જેમ શરીર જીર્ણ થતું જાય છે, તેમ તેમ તૃષ્ણા જીર્ણ થતી નથી પણ વધતી જાય છે. તે ધૈર્યપૂર્વક ઉપેક્ષા વૃત્તિથી જ નાશ પામે છે. પરંતુ તમે તૃષ્ણાને લીધે કશું ખોટું કર્યું નથી.''

યુધિષ્ઠિરે પૂછ્યું : ''પિતામહ ! મોક્ષ શી રીતે મળે અને તેના માટે ક્યા દેવની ઉપાસના કરવી જોઈએ ?''

ભીષ્મે કહ્યું : ''યુધિષ્ઠિર ! મોક્ષ સમત્વથી પ્રાપ્ત થાય, સત્ત્વ, રજ અને તમ ત્રણે ગુણો તજી દઈ, ત્રિગુણાતીત થઈ, પોતાના આત્માને ઓળખવાનો યત્ન કરવો જોઈએ. કોઈ પણ દેવનું અર્ચન પૂજન ઘણું ઘણું તો મન શુદ્ધ કરવામાં સહાયભૂત થાય છે, તે કાંઈ મોક્ષ પ્રાપ્ત કરાવી શકતું નથી, મન શુદ્ધ થવાથી આત્મજ્ઞાન થાય છે અને આત્મજ્ઞાન એ જ મોક્ષ છે.''

યુધિષ્ઠિર બોલ્યા : ''હે પરમ પુરુષ ! આપનાં વિશુદ્ધ વચનો સાંભળીને મારાં અજ્ઞાનનાં આવરણ દૂર થયાં છે. અહો !

## ૪. ભરત

સમ્રાટ દુષ્યંત મહામંત્રી અને સૈનિકો સહિત અશ્વારોહણ કરી શકુન્તલાની શોધમાં નીકળી પડ્યા.

મહારાજનું હૃદય વિહ્વલ બની શકુન્તલાનું રણ કરી રહ્યું હતું. ચારે દિશાએ ચકોર દૃષ્ટિ ફેરવતા મહારાજ પોતાના બલિષ્ટ અશ્વોને દોડાવી રહ્યા હતા. સૂર્ય નમતો થયો હતો. છતાં શકુન્તલાનો પત્તો લાગતો ન હતો.

અહીં શકુન્તલા લક્ષહીન માર્ગ પર સર્વદમન સાથે આગળ વધી રહી હતી. મનમાં પોતાના ઉપર વિધિની કેવી અવકૃપા છે ! તેનું તે વિશ્લેષણ કરી રહી હતી. પ્રસાદને સ્થાને તે અવસાદ લઈને પાછી ફરી હતી. એક નારીજાતિના પવિત્ર પ્રેમનો એક નરજાતિએ કેટલો બધો અનાદર કર્યો હતો !

વિશ્વાસે જીવન ટકાવી રાખનારી નિર્દોષ અબળા સાથે કેવો પ્રપંચ રચવામાં આવ્યો હતો ? શું નરજાતિ આવી જ હશે ? નારીને હસાવી, રમાડી તેના ભોળપણનો અયોગ્ય લાભ ઉઠાવીને તેને રખડતી રઝળતી કરી દેતાં સંકોચ નહિ અનુભવતી હોય ! આશ્રમમાં પવિત્ર વિનોદ કરનારા મહારાજ દુષ્યંત તે આ જ પ્રપંચી



દુષ્યંત હશે ? શું પુરુષો ઘડીકમાં પોતાના સ્વભાવનું પરિવર્તન કરી શકતા હશે ? શકુન્તલાને તેના ચક્ષુ આગળ એક નહીં પણ બે દુષ્યંત દેખાવા લાગ્યા. એક આશ્રમમાં મળેલો માધુર્યની મૂર્તિ સમાન દેવ દુષ્યંત અને બીજો હસ્તિનાપુરના સિંહાસને સત્તારૂઢ થયેલો પ્રપંચની પ્રતિમા સમો દાનવ દુષ્યંત !

શકુન્તલા વિચારોમાં ડૂબકા ખાતી ચાલી જતી હતી, પરંતુ હજુ સુધી તે નિર્ણય કરી શકી ન હતી કે બેમાંથી દુષ્યંતનું સાચું સ્વરૂપ કયું ? તે ક્યા માણસને પોતાનો દેહ અર્પણ કરી ચૂકી હતી. શું કોઈને તન મન શોંપતાં પહેલાં તેની કસોટી કરવી પડતી હશે ? કસોટી કરવામાં તો ધૈર્યની આવશ્યકતા જોઈએ. પરંતુ પ્રેમમાં તો બહુધા આવેશ હોય છે, અધીરતા હોય છે. શું બધી નારીઓ ધૈર્યપૂર્વક પરીક્ષણ કર્યા પછી નરજાતિ ઉપર વિશ્વાસ મૂકતી હશે ?

અનેક પ્રશ્નાવલીઓ તેના મસ્તિષ્કને પીંખી રહી હતી. જેનો કોઈ ઉત્તર તેને મળતો ન હતો. પરંતુ તે ચાલ્યે જ જતી હતી. ક્યાં થોભે ? થોભવાનું સ્થળ તે સ્વયં જાણતી ન હતી. ત્યાં કાંટાળી કરમદી ઉપર તેની દૃષ્ટિ પડી. હાથ લંબાવી એક પછી એક કરમદુ તોડી તોડીને તે સર્વદમનની ક્ષુધા ઠારવા લાગી. તેને કરમદાં તોડવાનો મહાવરો હતો, પરંતુ કોણ જાણે આજે તેને એક એક કરમદુ તોડતાં એક એક કાંટો વાગતો હતો !

શકુન્તલા આગળ ચાલવા માંડી. શકુન્તલા ચાલતી હતી. સૂર્ય આથમતો હતો. તે ક્યાં જશે ? ક્યાં રહેશે ? શું ખાશે ? શું પીશે ? તેનું તેને ભાન ન હતું. હસ્તિનાપુર ઘણું દૂર રહી ગયું હતું. તે વિચાતંદ્રામાં ભૂખ, તરસ, થાક વીસરી ચૂકી

સૂર્યાસ્ત થઈ ચૂક્યો હતો. અંધારું છવાતું જતું હતું. ઋષિકુમારોએ શકુન્તલાને આશ્રમમાં આવવાનો આગ્રહ કર્યો. શકુન્તલાએ તેમનો આભાર માનતાં કહ્યું : "કુમાર ! મેં જન્મતાં જ માતા પિતાનો આશ્રય ખોયો છે, મોટી થતાં મહર્ષિ કણ્વનો આશ્રય ત્યજ્યો છે અને છેલ્લે પતિ દુષ્યંતનો પણ આશ્રય રહ્યો નથી. કહો ! હવે તો મેં સંકલ્પ કર્યો છે કે, હું સ્વાશ્રયે જ જીવીશ, જીવતાં શીખીશ. પારકા આશ્રયે નહિ રહું. હું સ્વયંસિદ્ધ બનીશ. પરાધીનતા એ મૃત્યુ અને સ્વાધીનતા એ જીવન છે. હું આ નદીતીરે એક કુટીર બાંધી, ફળફળાદિ ખાઈ, મારી તથા સર્વદમનની ક્ષુધા સંતોષી અહીંયાં જ રહીશ. મારો પુત્ર પણ કોઈના આશ્રયે નહિ રહે."

આ અદ્‌ભૂત નારીનો સંકલ્પ સાંભળી ઋષિકુમારોએ તેના દુઃખમાં સહભાગી થવાનો વિચાર કર્યો. તેઓ બોલ્યા : "જો તમારો એવો સંકલ્પ જ હોય તો અમે પણ અમારાથી શક્ય તેટલી સહાય કરવા તત્પર છીએ." એમ કહી તેમણે કાષ્ટના ભારા નીચે ઉતાર્યા અને તેમાંથી કુહાડી વડે લાકડાં કાપી સરખાં કરી જમીનમાં રોપી દીધાં. બીજો ઋષિકુમાર દંડ, પલાશનાં પાંદડાં અને વેલાઓ શોધી લાવ્યો અને ચારે જણાએ મળી ઘડીકમાં જેવી તેવી પર્ણકુટી ઊભી કરી.

ઋષિકુમારો આશ્રમ પ્રતિ ચાલ્યા ગયા. શકુન્તલા અને સર્વદમને ફળફળાદિ ખાઈ પર્ણકુટિનાં દ્વારા આગળ આડ મૂકી. પછી તેઓ પાંદડાંની શય્યા પર સૂઈ રહ્યાં. શાંત અને એકાંત આવાસમાં થાકેલાં માતા પુત્રને ઊંઘ આવી. જો કે શકુન્તલાને સ્વપ્નનો પરિતાપ પણ સતાવી રહ્યો હતો.



અહીં હસ્તિનાપુરથી શકુન્તલાને શોધવા નીકળેલા મહારાજ, મંત્રી અને સભટો રઝળી રઝળીને નિરાશ વદને પાછા ફર્યા. રાજા દુષ્યંતને ઊંઘ નહોતી આવતી. પોતાની દુષ્ટતાને લીધે પોતાની પત્ની અને વ્હાલસોયા પુત્રની શી દશા થઈ હશે ? તેઓ ક્યાં હશે ? હિંસક પશુઓનો ભોગ તો નહીં બન્યા હોયને ? એમ જાતજાતની શંકાઓ તેમને સતાવી રહી હતી.

સવાર પડ્યું. મહાલયની રાજસભામાં એક પછી એક ઋષિઓ, પુરોહિતો, મંત્રીઓ અને સુભટો આવવા લાગ્યા. મહારાજને સંદેશો મળ્યો કે, રાજસભામાં વિના બોલાવ્યે ઘણા જ સજ્જનો ઉપસ્થિતિ થયા છે. તેથી તેમને એમ લાગ્યું કે, બધાંને મળીને પછી જ શકુન્તલાની શોધ માટે નીકળવું. તેથી તેઓ સભામાં ગયા. મહારાજ આવતાં જ ચામરધારિણીઓ અને વૈતાલિકોએ મહારાજનો જયજયકાર કર્યો. બધાંની દૃષ્ટિ મહારાજ ઉપર હતી અને મહારાજ પણ આખી સભાનો મનોભાવ પામી ગયા હતા. તે નમ્ર સ્વરે બોલ્યા : "મહાનુભાવો ! મેં આપના બે અપરાધ કર્યા છે. એક તો એ કે સભાની સંમતિ લીધા વિના કે જાણ કર્યા વિના ગુપ્ત રીતે ભગવાન કણ્વની આશ્રમકન્યા સાથે ગાંધર્વલગ્ન કર્યાં છે, અને બીજો એ કે જ્યારે તે અહીં આવી. ત્યારે મેં આપની મર્યાદા અને પુરુકુળની કીર્તિ જાળવવા અસત્ય અને મિથ્યાભિમાનનો આશ્રય લઈ તેનો અક્ષમ્ય તિરસ્કાર કર્યો છે. આ બંને અપરાધો માટે આપ જે કહો તે પ્રાયશ્ચિત મને સ્વીકાર્ય છે."

પોતાની ગંભીર ભૂલોનો મહારાજે સરળતાથી સભા સમક્ષ સ્વીકાર કર્યો અને ઉપરથી પ્રાયશ્ચિત કરવાની તત્પરતા બતાવી, તેથી

મારી ભૂલ માટે ક્ષમા માગવા આવ્યો છું. તારી માતા મને ક્ષમા આપશે ને ?''

''જો તમે ક્ષમા માગશો તો અવશ્ય ક્ષમા કરશે. મારી માતા તો સાક્ષાત્ દયાની દેવી છે. પરંતુ જો તમે ફરીથી તેમનું અપમાન કરવાની ચેષ્ટા કરશો મારે તમારી સાથે યુદ્ધ કરવા ધનુષ્યબાણની આવશ્યકતા નહીં રહે.''

ભરતની તીખી વક્રોક્તિ મહારાજ દુષ્યંતના મર્મને સ્પર્શ કરી ગઈ. તેઓ બોલ્યા : ''ભરત ! મારી જે ભૂલ થઈ છે, તે માટે પહેલાં તો હું તારી ક્ષમા માગું છું.''

''ભલે રાજન્ ! હું તમોને ક્ષમા આપું છું. પરંતુ ફરીથી કહું છું કે મારી માતા જેવાં દયાળું છે, તેવાં જ સ્વાભિમાની પણ છે. તેઓ મને પણ આપબળે જીવવાનું શીખવી રહ્યાં છે. માટે તેમની આગળ જે બોલો તે વિચારીને બોલજો.''

મહારાજ દુષ્યંતે પોતાનો અશ્વ તો દશદ્વતીના તીરે જ ઊભો રાખ્યો હતો. તેઓ ભરતને તેડીને કહેવા પ્રમાણે ચાલતા હતા. ચાલતા ચાલતા તેઓ એક વિશાળ વટવૃક્ષ પાસે આવેલી પર્ણકુટિ પાસે આવી પહોંચ્યા. તેમણે ભરતને નીચે ઉતાર્યો. ભરત દોડતો પર્ણકુટિમાં ગયો અને બોલી ઊઠ્યો : ''મા ! પેલા મહારાજ તારી ક્ષમા માગવા આવ્યા છે !'' શકુન્તલા બરાબર સમજી નહીં. તે શીઘ્ર પર્ણકુટિની બહાર આવી. દુષ્યંતની દૃષ્ટિ શકુન્તલા પર પડતાં જ નીચી ઢળી ગઈ. તે બોલ્યો : ''હું મારા અપરાધની ક્ષમા યાચવા આવ્યો છું. તને અને મારા ભરતને લેવા આવ્યો છું. હું કુળમર્યાદા અને કીર્તિના કારણે જૂઠું બોલ્યો અને તને કઠોર વચનો કહી માતા



પુત્રને સંકમાં મૂક્યાં. તે સર્વ વાતનો મને અપાર પસ્તાવો થાય છે. મારા અક્ષમ્ય અપરાધને ક્ષમા કરો.''

એક હાથે દ્વારને અઢેલીને ઊભેલી શકુંતલાએ જોયું તો આ એ જ દુષ્યંત હતો કે, જે તેણે કણ્વાશ્રમમાં જોયો હતો. તેને નિશ્ચય થઈ ચૂક્યો હતો કે, આ હસ્તિનાપુરનો પ્રપંચી દુષ્યંત નથી. એટલે તે બોલી : ''રાજન્ ! પધારો ! હું તમારું સ્વાગત કરું છું. આવો આ આસને બિરાજો. સ્વાદષ્ટિ વનફળ ગ્રહણ કરો.'' આમ કહી તેણે પોતાની પર્ણકુટિમાં સમ્રાટ દુષ્યંતનો આદરપૂર્વક સત્કાર કર્યો.

કણ્વાશ્રમમાં મહારાજના આગમનનું જાણે પુનરાવર્તન થતું હોય તેવું જ આ દશ્ય હતું ! મહારાજ દુષ્યંતની આંખ આગળ આખોય કણ્વાશ્રમ અને શકુન્તલાના મિલનનું દશ્ય તરવરવા લાગ્યું. જાણે એ જ ઉપવન, એ જ મનોરમા લાવણ્યમૂર્તિ શકુન્તલા, એવી જ પર્ણકુટિ અને એવો જ સત્કાર તથા એવાં જ મધુર વનફળ. પરંતુ કણ્વાશ્રમની પર્ણકુટિ કરતાં દશદ્વતિના તીરે આવેલી પર્ણકુટિમાંના દશ્યમાં એક વિશિષ્ટતા હતી. શકુન્તલાના પડખે વીર બાલક ભરત ઊભો હતો.

દુષ્યંત સ્તબ્ધ બની દિવાસ્વપ્નની પેઠે આ બધું જોઈ રહ્યા હતા. તેના મસ્તિષ્કમાં વિચારોની તરંગાવલિ વમળ ખાઈ રહી હતી. મહારાજને સ્તબ્ધ બનેલા જોઈ શકુન્તલા મૃદુ સ્વરે બોલી : ''અતિથિ ! વનફળ ગ્રહણ કરો.'' દુષ્યંત નમ્ર સ્વરે બોલ્યો : ''શકુન્તલા ! હું માત્ર અતિથિ ? એથી વિશેષ કાંઈ નહિ ?''

''કેમ નહીં ? આપ અમારા અતિથિવિશેષ છો. ભાગ્યે જ કોઈ સામાન્ય અતિથિ અપમાનિતને ત્યાં જતા હશે, આપ તો

આજે તેઓ તીર્થાટનેથી આશ્રમમાં આવ્યા અને એ મધુરના માધુર્યનું શિષ્યોને દર્શન કરાવી રહ્યા હતા. ત્યાં પેલા બે ઋષિકુમારોએ કણ્વકન્યા શકુન્તલાની વાત કરી અને મહર્ષિ કણ્વકન્યા શકુન્તલાના મનોબળની સ્તુતિ કરવા લાગ્યા. તેના પુત્ર સર્વદમનના સાહસને પણ અહોભાવે કહી બતાવ્યું.

શિષ્યોની વાત સાંભળી મધુચ્છાંદા વિચારમાં પડી ગયાં. મહર્ષિ કણ્વ તો આદિત્ય બ્રહ્મચારી છે. તેમને કોઇ સંતાન નથી, પણ પિતાજીએ મારી ભગિનીનો ત્યાગ કર્યો અને કણ્વાશ્રમમાં મૂકેલી. એનું નામ જ કદાચ શકુન્તલા હશે. એમ એમણે અનુમાન કરી લીધું. તેઓ પોતાના બંને શિષ્યો સાથે આશ્રમનું ઉપવન વટાવી દશદ્વતિના તીરે ગયા. ત્યાં જઇને જુએ છે તો મહારાજ દુષ્યંતને શકુન્તલા અને સર્વદમન સાથે જોયા. તેઓએ શકુન્તલાને પોતાની ત્યજાએલી ભગિનીને ઓળખી અને પ્રેમથી ભેટી પડ્યા.

પોતાનો આશ્રમ સમૃદ્ધ હોવા છતાં પોતાની બહેન શકુન્તલાને એક નિરાશ્રિતની પેઠે દિવસો નિર્ગમન કરવા પડ્યા ! તેનો તેમણે શોક પ્રદર્શિત કર્યો.

મહારાજને મહર્ષિએ મંગલમય આશીર્વાદ આપ્યા અને પોતાના આશ્રમમાં પધારવા નિમંત્રણ આપ્યું. પોતાના ભાઇ મધુચ્છાંદાનું જીવનમાં પ્રથમવાર આપેલું આમંત્રણ શકુન્તલાએ સહર્ષ સ્વીકારી લીધું અને બધાંએ તે રાત્રિ આશ્રમમાં વિતાવી. મધુચ્છાંદા બહેનને માટે આવેલાં સંકટ અને તે સહન કરવાનું દૃઢ મનોબળ જોઇ આશ્ચર્ય પામ્યા. તેમણે મહારાજ દુષ્યંતને કહ્યું : ‘‘રાજન્ ! આપ હસ્તિનાપુર જાઓ. મારી બહેન ભલે અહીં રહે. હું



તેને લઇને આવું છું. આપ તેના સ્વાગતની તૈયારી કરો. અપમાનનું નિરસન તો સ્વાગતથી જ થાય.’’ શકુન્તલાને પોતાના ભાઇની વાતમાં સત્યનાં દર્શન થયાં. તેણે પણ સ્મિત સાથે ભાઇની વાતનું સમર્થન કર્યું. તેણે ભાઇની વાતમાં દીર્ઘદૃષ્ટિ જોઇ. મહારાજ સ્વાગત કરીને હસ્તિનાપુરમાં લઇ જાય તો જ ત્યાંની પ્રજાજનોનાં હૃદય પરખાય અને પોતે સન્માનપૂર્વક હસ્તિનાપુરમાં પ્રવેશ કરે.

મહારાજે પણ મહર્ષિ મધૃચ્છંદાની વાતનો સ્વીકાર કર્યો અને પોતે હસ્તિનાપુર ગયા.

મહારાજે પોતાની રાજસભામાં શકુન્તલા મહર્ષિ મધુચ્છંદાના આશ્રમમાં છે એવું નિવેદન કર્યું. આખીએ સભા બોલી ઊઠી, તો તો મહારાજ આપણે તેમનું અપૂર્વ સ્વાગત કરી માનપૂર્વક તેડી લાવવાં જોઇએ.

હસ્તિનાપુરમાં અપૂર્વ આનંદ છવાયો. પુરજનોએ શેરી, ચૌટાં અને ઉન્નત મહાલયોને શણગારવા માંડ્યાં. ગજરાજ ઉપર સુવર્ણની પીઠિકા ગોઠવી મહારાજ પોતાના ઋત્વિજો, પુરોહિતો, મંત્રીમંડળ અને સૈનિકો સહિત મહર્ષિ મધુચ્છંદના આશ્રમે ગયા.

શકુન્તલાએ બે દિવસ આશ્રમનું આતિથ્ય અને ભાઇનું હેત માણ્યું. તે પોતાના ભાઇની વિદાય લઇ સુવર્ણ શિબિકામાં બેઠી, સર્વદમન ગજરાજ ઉપર મહારાજ દુષ્યંતના ખોળામાં બેઠો. વાદ્યોના ગડગડાટ સાથે બધાં મહિર્ષ મધુચ્છંદાના આશીર્વાદ મેળવી હસ્તિનાપુર આવ્યાં. અહીં તેમનું અપૂર્વ સ્વાગત થયું. પ્રજાએ તેમને હર્ષનાદોથી વધાવી લીધાં.

મનની એકાગ્રતા અને હાથની ચપળતા વધતી ગઇ. તે અંધારામાં પણ શરસંધાન કરી લક્ષ્યવેધ કરતો. આંખો બંધ કરી જ્યાંથી શબ્દ આવતો હોય તે સ્થળનો શબ્દવેધ કરતો. આમ વિવિધ પ્રકારનું ધનુર્વેદનું કલાકૌશલ્ય તેને ગુરુ વિના માત્ર અભ્યાસથી પ્રાપ્ત થતું ગયું. તેના સામર્થ્યથી તે અત્યંત દૂરનું લક્ષ્ય પણ વીંધી નાખતો.

તે અભ્યાસ કરતો હતો, એવામાં એક આખેટક પારધી મૃગયા રમવાના સાધનો અને એક કૂતરો લઇને ત્યાં આવી ચડ્યો. એકલવ્યે ઘણા દિવસથી અભ્યાસની ધૂનમાં સ્નાન કર્યું ન હતું. ઉનાળાના તાપમાં તપીને તેનું શરીર કાળું ડિબાંગ થઇ ગયું હતું અને માથે કાળું લૂગડું બાંધેલું હતું. તેથી આ કાળી ડરામણી આકૃતિ જોઇ કૂતરો ભસતો ભસતો તેની સામે ધસ્યો.

કૂતરાના ભસવાના કર્કશ ધ્વનિથી એકલવ્ય ધ્યાનભંગ થયો, પરંતુ કૂતરાને સામે ધસી આવતો જોઇ તેણે એક સાથે સાત બાણનું સંધાન કરી કૂતરાને વાગે નહીં તેવા કૌશલ્યથી છોડ્યાં. સાતે બાણ સામટાં ભસતા કૂતરાનાં મોંમાં ભરાઇ ગયાં. કૂતરો ભસતો બંધ થઇ ગયો અને ત્યાંથી નાઠો. એટલામાં પાંડવ કૌરવ રાજકુમારો મૃગયા રમવા નીકળ્યા હતા. તેમણે આ કૂતરો જોયો. કૂતરો જોતાં તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. અર્જુન બોલી ઊઠ્યો : “અહો ! આ ધનુર્ધરનું કેવું અદ્‌ભૂત ચાતુર્ય ! ભસતા કૂતરા ઉપર એક સામટાં સાત બાણ મારી તેને ભસતો બંધ કરી દીધો છે ! કૂતૂહલવશ બધા રાજકુમારો એકલવ્ય પાસે આવ્યા. એકલવ્ય શરસંધાન કરવામાં મગ્ન હતો. રાજકુમારો છેક પાસે આવ્યા અને કહ્યું : “અહો ધનુર્ધર ! તું કોણ છે ?”



અર્જુનનો સાદ સાંભળી એકલવ્યે તેની સામે જોયું. હસ્તિનાપુરના રાજકુમારોને જોઇ તેણે હાથ જોડી તેમનું અભિવાદન કર્યું. દ્રોણના આશ્રમમાં જોયેલા એકલવ્યથી તેમને આ કાળો ભયાનક યુવાન અલગ લાગ્યો. તેઓ ઓળખી પણ શક્યા નહીં. તેથી પૂછ્યું : “ભાઇ ! તું કોણ છે ?”

એકલવ્યે કહ્યું : “હું ભીલરાજા હિરણ્યધનુનો પુત્ર છું.” યુધિષ્ઠિરે પૂછ્યું : “તારા ગુરુ કોણ છે ?” “મારા ગુરુ દ્રોણાચાર્ય છે.” દ્રોણાચાર્યનું નામ સાંભળતાં જ બધા રાજકુમારો ચમકી પડ્યા. અર્જુન બોલ્યો : “અમે બધા દ્રોણાચાર્ય પાસે જ ધનુર્વિદ્યા શીખીએ છીએ. તને તો અમે ત્યાં કોઇ દિવસ જોયો નહીં !”

એકલવ્યે કહ્યું : “કુમાર ! એ આશ્રમ તો રાજકુમારો માટે છે અને હું તો વનવાસી ભીલ છું. એટલે મને ત્યાં ક્યાંથી જુઓ ? હું ત્યાં વિદ્યાભ્યાસ માટે આવ્યો હતો. પણ મને હત્‌ભાગીને ગુરુજીએ પ્રવેશ ન આવ્યો એટલે જુઓ પેલી પ્રતિમા ! મેં ગુરુજીની પ્રતિમા બનાવી છે અને તેમને વંદન કરીને પછી હું વિદ્યાભ્યાસ કરું છું. તેમની કૃપાથી મારી વિદ્યા ફળતી જાય છે એટલે દ્રોણાચાર્ય મારા ગુરુ છે.”

એકલવ્યની નમ્રતાથી બધા જ રાજકુમારો અંતઃકરણથી તેને ધન્યવાદ આપવા લાગ્યા. હવે અર્જુને તે દિવસે આશ્રમમાં આવેલા એકલવ્યને ઓળખ્યો. બધા આશ્ચર્ય પામી હસ્તિનાપુર ગયા. અર્જુને દ્રોણાચાર્યને આ નવાઇ ભરી ઘટના કહી સંભળાવી.

દ્રોણાચાર્ય અર્જુનની વાત સાંભળી વિચારમાં પડ્યા અને બીજે દિવસે તેઓ અર્જુન સાથે એકલવ્ય પાસે ગયા. એકલવ્યે

કરી તેમણે વિક્ષેપ થવાનું કારણ નિર્મૂળ કર્યું. આ ઘટનાથી રાજનીતિજ્ઞ કર્ણ નિરાશ થયો.

કર્ણના વાક્ચાતુર્ય અને રાજનીતિના ઊંડા જ્ઞાનના લીધે જ તે દાસીપુત્ર હોવા છતાં મહારાજ ધૃતરાષ્ટ્ર અને દુર્યોધન ઉપર પ્રભાવ પરાડી શકતો. તેના બોલે બોલમાં ઉત્સાહ અને દૂરંદેશીપણું હોવાના કારણે કૌરવોમાં તેનું ભારે સન્માન થતું હતું. એકવાર તેણે ભરસભામાં એવી પ્રકતિજ્ઞા કરેલી કે, મારી પાસે કોઇ ગમે તેવી યાચના કરશે તો હું એ યાચકને કદાપિ નિરાશ કરીશ નહીં. તે જે માગશે તે હું વિના સંકોચે દાનમાં આપીશ. પ્રતિજ્ઞા લીધા પછી તે દાનેશ્વરી કર્ણ કહેવાવા લાગ્યો. પ્રતિદિન સવારે તે નિત્યકર્મથી નિવૃત્ત થઇ દાન આપવા બેલતો. યાચકો જે વસ્તુઓ માગે તે તેમને વિના સંકોચે આપતો.

કર્ણની કીર્તિથી ઇન્દ્રને ચિંતા થવા લાગી. તેને થયું, કર્ણ પરશુરામ પાસેથી યુદ્ધિ વિદ્યા શીખ્યો છે, ઉપરાંત તેની પાસે અભેદ્ય કવચ કુંડલ છે. આ કવચ ધારણ કરવાથી તેના શરીરને આંચ આવે તેમ નથી. ભવિષ્યમાં તે અર્જુનને ભારે પડશે. કુન્તીએ દુર્વાસાના પ્રભાવથી ઇન્દ્રનું રટણ કરતાં અર્જુન ઉત્પન્ન થયો હતો, તેથી ઇન્દ્રને તેના ઉપર પુત્ર જેવું મમત્વ હતું. એ જ રીતે સૂર્યને કર્ણ ઉપર પણ મમત્વ હતું.

ઇન્દ્રે અર્જુનનું હિત સાધવા કર્ણની દાનવૃત્તિનો લાભ લેવાનો નિર્ણય કર્યો.

આ વાત સૂર્યના જાણવામાં આવી, તેથી સૂર્યે કર્ણને ચેતવી દીધો કે, ગમે તેવો યાચક પાસે આવીને કવચ કુંડલ માગે તો તારે



આપવું નહીં. કદાચ આપવું પડે તો તેને સાટે ઇન્દ્રની સાંગ માગી લેજે. પરંતુ મૃત્યુના ડરના લીધે કર્ણ પ્રતિજ્ઞા તોડે તેવો ન હતો. તેણે વિચાર કર્યો. ઇન્દ્ર જેવો દેવોનો રાજા મારી પાસે યાચક બનીને ઉભો રહે, એવું મારું સદ્ભાગ્ય ક્યાંથી. જે થવાનું હોય તે ભલે થાય. મૃત્યુ કાલ આવતું હોય તો આજે આવે, પરંતુ લીધેલું પણ તોડાય નહીં. ઇન્દ્રની યાચના હું પૂર્ણ કરીશ તો મારી કીર્તિ દિગ્દિગંત ફેલાશે.

બીજે દિવસે કર્ણ નિત્યકર્મથી પરવારી પોતાના નિવાસ બહાર આવીને ચોતરા પર બેઠો. એક પછી એક યાચકો આવવા માંડ્યા. જેમ જેમ કોઇ ધન, કોઇ ધાન્ય, કોઇ વસ્ત્ર માગતું, તેમ તેમ તે આપતો હતો. એવામાં લાકડીને ટેકે ટેકે ચાલતો એક વૃદ્ધ બ્રાહ્મણ આવ્યો. જાણે તે દૂરથી આવતો હોય અને વૃદ્ધાવસ્થાના કારણે થાકી ગયો હોય, તેમ ધ્રુજતો ધ્રુજતો કર્ણના પગ પાસે બેસી ગયો. થોડીવારે બ્રાહ્મણને શાન્તિ વળી એટલે કર્ણે તેને આવકાર આપી કહ્યું : “ભૂદેવ તમારે જે જોઇએ તે માંગો. તમારે શાની આવશ્યકતા છે ?”

બ્રાહ્મણ બોલ્યો : “હે દાનેશ્વરી કર્ણ ! ધન અને વસ્ત્રાભૂષણોની મારે આવશ્યકતા નથી. પરંતુ...” માંગણી કરતાં કરતાં બ્રાહ્મણ અચકાઇ ગયો.

કર્ણે ઉત્સુકતાથી પૂછ્યું : “પરંતુ શું ? જે જોઇએ તે નિઃસંકોચ માગો !”

બ્રાહ્મણે કહ્યું : “એટલા માટે અચકાયો કે, કદાચ તમે ન આપી શકો તો મારી યાચના વ્યર્થ જાય અને તમારી દાનેશ્વરીની

સંજય રથની પાછળ પાછળ ચાલતા હતા. કૃષ્ણે તેમને વિનયપૂર્વક મધુર વચનો કહી પાછા વાળ્યા. બધાંના ગયા પછી શ્રીકૃષ્ણે કર્ણને કહ્યું : "કર્ણ ! તું મારા રથમાં બેસ. મારે તારું કામ છે." કૃષ્ણનાં વચનોને માન આપી કર્ણ તેમની પાસે રથમાં બેઠો. રથ હળવે, હળવે ચાલવા લાગ્યો. થોડીવારે શ્રીકૃષ્ણ બોલ્યો : "ભાઈ કર્ણ ! તું ધીર, વીર અને શાસ્ત્રજ્ઞ છે. મહાભાર્ગવ પરશુરામનો શિષ્ય છે. તું મારી વાત સાંભળ. કુમારિકા જ્યારે વિપરીત સંયોગોમાં મુકાય છે, ત્યારે તે સગર્ભા બને છે અને તેણે સંતાનને જન્મ આપવો પડે છે. મારાં ફોઈ અને પાંડવોનાં માતા કુન્તીને આવી જ પરિસ્થિતિમાંથી પસાર થવું પડ્યું હતું, ને તેમણે કૌમાર્યાવસ્થામાં સંતાનનો જન્મ આપવો પડ્યો હતો. શાસ્ત્રોમાં આ રીતે જન્મેલા પુત્રને કાનીન પુત્ર કહે છે. કર્ણ ! કુન્તીનો એ કાનીનપુત્ર અન્ય કોઈ નહીં પણ તું છે ! તું પાંડવોનો ભાઈ છે."

કૃષ્ણનાં વચનો સાંભળી કર્ણ કોઈ અજાણી ધરતીમાં ઊતરી પડ્યો. આંખો મીંચીને થોડીક ક્ષણો તે વિચારગર્તમાં ડૂબી ગયો ! તે પછી તે સ્વસ્થ થઈ બોલ્યો : "હે માધવ ! મારાં પાલક માતાપિતા રાધા અને અધિરથે મને કહેલું કે, તું અમને નદીમાં તણાતો આવતો મળ્યો હતો. તો મને કુન્તીએ આમ નિર્દય રીતે વહેવડાવી દીધો હશે ?"

શ્રીકૃષ્ણે કહ્યું : "હા કર્ણ ! તેમની વાત સાચી છે. લોકનિંદાનો ભય અને ભીરુતા બંનેને કારણે કુન્તીએ તને વહેવડાવી દીધો હતો. છેવટે સમગ્ર માનવી કાલવશ છે. શું કુન્તી કે શું કર્ણ ? પરંતુ તારું આયુષ્ય બળવાન હતું. તેથી તને કોણ મારી શકે ? તું



અધિરથને ત્યાં ઊછર્યો અને અત્યારે મારી પાસે બેઠો છે. એ પણ સાંભળી લે કે, પાંડવો પણ મહારાજ પાંડુના સાત્ત્વિક પુત્રો નથી. મહારાજ પાંડુની આજ્ઞાપાલન કરવા માટે કુન્તી અને માદ્રીને તેમને નિયોગ દ્વારા ઉત્પન્ન કરવા પડ્યા છે. કુન્તી કે માદ્રીને નિયોગમાં રુચિ ન હતી. કેવલ તેમણે પતિની આજ્ઞાનું પાલન કરવું પડ્યું હતું. જે ક્ષેત્રમાં સંતાનો ઉત્પન્ન થાય તે સંતાનો તે ક્ષેત્રના સ્વામીનાં જ ગણાય, એવો નિયમ છે. તેથી પાંડવો પાંડુરાજાના ક્ષેત્રજ પુત્રો છે."

આથી હું તને એમ કહેવા માગું છું કે, પાંડવો અને તારી માતા એક જ છે. તું પાંડવોનો મા જણ્યો ભાઈ છે. સૌથી મોટો ભાઈ છે. આ સમગ્ર રાજ્યનો સર્વોપરી સ્વામી તું છે. તારા મોસાળપક્ષ વૃષ્ણિવંશનો હું અને સમગ્ર વૃષ્ણિઓ તારા પડખે ઊભા રહેવા ઉત્સુક છીએ. તું મારી સાથે ચાલ ! આ બધી વાત હું પાંડવોને કહું. યુધિષ્ઠિર જાણશે કે, તું એમનો મોટો ભાઈ છે, તો તે તારી સાથે પૂજ્ય ભાવથી વર્તશે. રાજ્યાસને પણ તારો જ અભિષેક કરાવવાનો સ્વીકાર કરશે. સમસ્ત આર્યાવર્તના વિશાળ સામ્રાજ્યનો તું સ્વામી બનીશ. હું મારા પોતાના હાથે જ તારો હસ્તિનાપુરના સિંહાસને અભિષેક કરીશ. યુધિષ્ઠિર યુવરાજપદે રહેશે અને રાજધર્મ અનુસાર તારા માથે ચામર ઢોળશે. મહાબલી ભીમસેન તારી પાછળ રાજછત્ર ધરી ઊભો રહેશે અને ધનુર્ધર અર્જુન તારો સારથિ બનીને રથ હાંકશે. સહદેવ, નકુલ દ્રૌપદીના પાંચ પુત્રો, અભિમન્યુ, રાજા વિરાટ, મહારાજ દ્રુપદ, ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી તથા વૃષ્ણિ, અંધક અને ભોજવંશના બધા જ યોદ્ધાઓ તારી આજ્ઞાને અનુસરશે. તું ભારતનો ચક્રવર્તી સમ્રાટ બનીશ. હું પણ તને અનુસરીશ.

શ્રીકૃષ્ણ સમજી ગયા કે, કર્ણ રાજ્યવૈભવના લોભથી વશ થાય તેમ નથી. એટલે તેમણે છેલ્લો પાસો ફેંક્યો. કર્ણની આંખો સામે જોઇ તેઓ ધીમેથી બોલ્યા : ''કર્ણ ! તું હજુ પૂરો વિચાર કરી લે. તું રાજ્યવૈભવ ઉપરાંત રાજ્યલક્ષ્મીનો પણ સ્વામી બનીશ. પરમ સુંદરી દ્રૌપદી તેના પાંચ પતિઓ ઉપરાંત તને છટ્ઠો ભર્તા ગણી પત્ની પેઠે તારો સ્વીકાર કરશે. ભાઇ કર્ણ ! તું પાંડવો સાથે વ્યર્થ વિરોધ છોડી દે. માત્ર તારા અજ્ઞાત જન્મના લીધે વિરોધ કરવો ઉચિત નથી.''

કર્ણ દૃઢતાપૂર્વક બોલ્યો : ''હે કૃષ્ણ ! મને રાજ્યનો લોભ નથી. મને સામાન્ય સૂતપૂત્રમાંથી અંગદેશનો રાજા તો દુર્યોધને બનાવ્યો જ છે. તેટલાથી મને સંતોષ છે. પરનારી પ્રત્યે મને કોઇ આકર્ષણ નથી. મારાં માતાએ જન્મતાં જ મને તજી દીધો એટલે માની મમતા મેં માણી નથી. પછી મને માતા પ્રત્યે ભક્તિ ક્યાંથી હોય ? મને વાત્સલ્ય મળ્યું હોય તો તે રાધાએ આપ્યું છે. એઠલે તો મને કોઇ રાધેય કહે તો તે મને ઘણું ગમે છે. સુખવૈભવ પણ રાજા દુર્યોધને મને ઘણો આપ્યો છે. હું સતત તેમની સાથે રાજભવનમાં જ રહ્યો છું. જેટલો વૈભવ તેમણે ભોગવ્યો છે, તેટલો મેં પણ ભોગવ્યો છે. હવે તેમની સાથે રહેવામાં મારે મૃત્યુનું સ્વાગત કરવાનું થશે તો પણ તે એક ધન્ય ઘડી હશે, કેશવ ! હવે મને વધુ કાંઇ કહેશો નહીં.''

શ્રીકૃષ્ણ બોલ્યા : ''કર્ણ ! હવે હું તને કાંઇ કહેવા માગતો પણ નથી. હું સમજી ગયો છું કે, હવે તારું મૃત્યુ સમીપ આવી રહ્યું છે. પાર્થનાં તીક્ષ્મ બાણો અને ભીમસેનની ગદાથી તું બચવાનો નથી.



કૌરવપક્ષનું નિકંદન નીકળી જવાનું છે. તે કોઇ મિથ્યા કરી શકે તેમ નથી. તારા ભાગ્યમાં તેમના નાશનું નિમિત્ત બનવાનું લખાયેલું છે. તું હાથે કરીને તારી ઉજ્જવળ કીર્તિને કલંક લગાડી રહ્યો છે. કર્ણ આ બધું તને કુરુક્ષેત્રની સમરભૂમિમાં સમજાશે. કુરુવંશ બચજાવવાનો મારો શ્રમ નિષ્ફળ ગયો છે, પરંતુ હું છેલ્લો પ્રયત્ન કરી ચૂક્યો તેનો મને સંતોષ છે.'' આટલું કહી શ્રીકૃષ્ણે ખેદપૂર્વક કર્ણને ભેટી તેને વિદાય આપી. શ્રીકૃષ્ણે કર્ણને સમજાવી, રાજ્યલોભ, નરસંહારનો ભય અને દ્રૌપદીની લાલચ બતાવી છતાં તેઓ કર્ણને પોતાના પક્ષમાં ભેળવી શક્યા નહીં. પોતાના કાર્યમાં નિષ્ફળતા મળી તેથી તેમણે અત્યંત વિષાદ ભર્યા હૈયે પાંડવોના પડાવ ઉપપ્લવ્યનગર ભણી રથને હંકારાવ્યો.

કર્ણ શ્રીકૃષ્ણના રથમાંથી ઊતરી પોતાના રથમાં બેઠો અને રથ હસ્તિનાપુરને માર્ગ હંકારાવ્યો. જતાં જતાં કર્ણનું હૃદય વલોવાઇ જતું હતું. તે અન્યાયીઓના પક્ષમાં રહીને માજણ્યા ભાઇઓને અપાર દુઃખ દેવામાં ભાગીદાર બન્યો હતો. તેનું મન આક્રંદ કરતું હતું કે, મેં અન્યાયીઓના પક્ષમાં રહીને મારા ભાઇઓને કેટલાં કટુવચનો કહ્યાં ? મેં વિના કારણે દુર્યોધનને પાંડવો વિરુદ્ધ ચડાવી ચડાવી તેમને કેટલા દુઃખી કર્યા ? સતી પાંચાલીને પણ વનેવન રખડીને વસમી વેદના વેઠવી પડી ! મેં આ શું કર્યું ? ધર્મ અને નીતિનો પક્ષ છોડી અધર્મ અને અનીતિના પક્ષમાં રહ્યો ? શ્રીકૃષ્ણના મોઢે મેં જાણ્યું કે, પાંડવો મારા ભાઇ છે, એટલે હવે હું મારા ભાઇઓ ઉપર હથિયાર શી રીતે ઉગામી શકીશ ? હવે તો જ્યારે હું યુદ્ધમાં અર્જુનના હાથે મરીશ, ત્યારે જ મને શાન્તિ મળશે અને મારા પાપનું પ્રાયશ્ચિત્ત થશે ! અરેરે ! હવે મારે મારા સગાભાઇઓ

માતૃપ્રેમથી વંચિત રાખ્યો ? આવું કૃત્ય કરતાં તમારો જીવ શી રીતે ચાલ્યો ! માતા તો અખૂટ પ્રેમની નિર્ઝરિણી છે, પરંતુ તમે તો મને માતાના પ્રેમનું એક બિન્દુ પણ ચાખવા દીધું નહીં. બીજું તો ઠીક પણ માતા ! તમે મને તમારી સેવા કરવાનું સુખ પણ ન આપ્યું ?'' એમ કહેતાં કહેતાં કર્ણ ગદ્‌ગદ્‌ થઈ ગયો.

કુન્તી બોલી : ''ભાઈ કર્ણ ! તને મારો અપરાધ જણાતો હશે, પરંતુ તે વેળા સમય સાથે બાથ ભીડવાની હામ મારામાં ન હતી. હું અસહાય સ્થિતિમાં હતી. તે પછીના મારા ત્રણ પુત્રો, એ પણ મારી ઈચ્છા હોય કે ન હોય પણ પાંડુરાજાની આજ્ઞાને વશ થઈ મેં નિયોગ દ્વારા ઉત્પન્ન કરેલા છે, એટલે તમે બધા ભાઈઓ જ છો. તું પોતાનો મા જણ્યો ભાઈ દુશ્મન પક્ષમાં રહે, એ મારાથી સહન થતું નથી. તે ધર્મયુક્ત પણ નથી. તું ગમે તે રીતે પાંડવપક્ષમાં આવી જા.''

કર્ણે કહ્યું : ''માતા ! મેં જે શ્રીકૃષ્ણને કહ્યું છે, એ જ તમને કહું છું, કે દુર્યોધનની સાથે હું રમ્યો છું. જમ્યો છું. સુખ દુઃખમાં તેને સદાય સાથ આપ્યો છે. હવે હું તેના શત્રુપક્ષમાં જાઉં તો લોકો કહે કે, કર્ણે મૃત્યુથી ડરીને પક્ષપલટો કર્યો અને શત્રુદળમાં ભળી ગયો. આવું કાયરતાનું કલંક હું શી રીતે સહન કરું ? અને દુર્યોધનને શી રીતે વિશ્વાસઘાત કરું ? માતા મને ક્ષમા કરો. મારાથી કૃતઘ્ન નહીં થવાય.''

કુન્તી બોલી : ''દીકરા ! તો શું તું તારા ભાઈઓને હણવા માટે તત્પર થઈશ ? એમના મૃત્યુથી તને આનંદ થશે ખરો ? જો તું શત્રુપક્ષમાં રહીશ તો તારે અનિચ્છાએ પણ એમ કરવું જ પડશે



અને તું કુલઘ્ન ગણાઈશ. જો તારે નિષ્કલંક રહેવું હોય તો પોતાના સગા ભાઈઓના પક્ષમાં રહેવું એ જ ઈષ્ટ છે. મારા અપરાધના લીધે તું તારા ભાઈઓનો દ્રોહ કરવા માગતો હોય, તો તે અન્યાય છે. તારે અપરાધની શિક્ષા કરવીહોય તો મને કર !'' આટલું કહેતાં કુન્તીનો કંઠ રૂંધાઈ ગયો.

કર્ણે કહ્યું : ''માતા ! તમે ખેદ ન કરો. ગમે તેટલો અપરાધ માબાપ કરે પણ તે અપરાધી ગણાતાં નથી. લોકોને જે અપરાધ દેખાય છે, તેમાં પણ પોતાનાં સંતાનોનું હિત જ સમાયેલું હોય છે. તમે મને પેટીમાં મૂકી ગંગામાં તરતો મૂક્યો પણ જો ગંગામાં જ નાંખી દીધો હોત, તો હું જીવતો શી રીતે રહી શકત ? હું જીવતો રહું એવી ઈચ્છાથી જ તમે મને પેટીમાં સુરક્ષિત રીતે સૂવાડી ગંગામાં તરતો મૂક્યો હતો. તમારો એ ઉપકાર પણ મને જીવતદાન આપવા બરાબર છે.

માતા ! જો દુર્યોધને મારા ઉપર વિશ્વાસ રાખી, યુદ્ધનાં મંડાણ ન કર્યાં હોત તો વાત જુદી હતી. હવે તો મારી ઈચ્છા પણ કામ લાગે તેમ નથી. હવે રાજા દુર્યોધનની ઈચ્છા એ જ મારી ઈચ્છા બની ગઈ છે.''

કોઈ રીતે કર્ણ માને તેમ ન હતો, તેથી કુન્તીનો આત્મા કકળ ઊઠ્યો ! સગા ભાઈઓ જન્મજાત શત્રુઓની પેઠે એક બીજા ઉપર ત્રાટકશે, એવા વિચારે તેણે નિશ્વાસ નાંખીને પૂછ્યું : ''કર્ણ ! તો શું તારા પાંચે ભાઈને તું મારીશ ? પાંચેનો હત્યારો બનીશ ?

થોડો વિચાર કરી કર્ણ બોલ્યો : ''માતા ! તમારા પાંચે પુત્રો જીવતા રહેશે. પાંચમાંથી ચાર નહીં થાય એવું હું તમને વચન

તેઓ અનેક યાત્રાધામોમાં ફરતા ફરતા યમુનાના કાંઠે આવી ચડ્યા. તેમને સામે કાંઠે જવાનું હતું, તેથી તેઓ માછીમારની ઝૂંપડી પાસે ગયા અને સાદ દીધો : "ઝૂંપડીમાં કોઇ છે કે ?" ઢીમર કંઇ કામે બહાર ગયેલો હતો, તેથી અતિથિનો સાદ સાંભળી તેની પુત્રી સત્યવતી ઝૂંપડીમાંથી બહાર આવી. દંડ કમંડલધારી તપસ્વીને જોઇ તે વિનયથી બોલી : "મહાત્મા ! મારા પિતાજી તો બહારગામ ગયા છે, આપને જે કામ હોય તે મને કહો."

"મારે તપસ્વીને બીજું શું કામ હોય ? મારે માત્ર નદીને પેલે પાર જવું છે." પરાશરે કહ્યું.

નદીકાંઠે લંગારેલા મછવા સામે આંગળી ચીંધી મત્સ્યગંધાએ કહ્યું : "પેલો મછવો મારા પિતાએ અતિથિઓ માટે જ રાખેલો છે. તેઓ વિના મૂલ્યે સેવાભાવે કોઇ પણ યાત્રિકને પાર ઉતારે છે. મને પણ મછવો ચલાવતાં આવડે છે. તમને વાંધો ન હોય તો હું તમોને સામે કાંઠે મૂકવા આવું."

"ઓહો ! એથી રૂડું શું ? ઝટ કર. વિના વિલંબે મને સામે પાર લઇ જા." મારે તપ કરવા જવું છે. મોડું થાય છે." મહર્ષિ પરાશરે વ્યગ્રચિત્તે કહ્યું.

મત્સ્યગંધાએ ઋષિને નદીકાંઠે રાખેલા મછવામાં નાવમાં બેસવા સંકેત કર્યો. પરાશર નદીકાંઠે ગયા અને ત્વરાથી નાવમાં બેસી ગયા. મત્સ્યગંધાએ નાવ છોડી અને હલેસાં હલાવી નાવ હંકારવા માંડી. મત્સ્યગંધા યૌવનના ઉંબરામાં પગ મૂકી ચૂકી હતી. તેના અંગેઅંગમાં યૌવન તરવરતું હતું. તેના મુખકમલ પર પ્રસરેલું રૂપ ઋષિને આકર્ષી રહ્યું હતું. નમણા હાથે હલેસાં મારતાં તેનાં પુષ્ટ



અંગો થરકરતાં હતાં. પરાશરની દૃષ્ટિ મત્સ્યગંધાના આખાયે શરીર ઉપર વારેવારે ફરતી હતી. તેઓ ધીમે ધીમે તેના માદક રૂપ અને યૌવનમાં ડૂબતા જતા હતા. તેનું એકેએક અંગ ઋષિમાં વિકાર જગવતું હતું. હવે ઋષિ કામના આવેગને સહન કરી શક્યા નહીં. તેઓ બોલી ઊઠ્યા : "સુંદરી ! નાવને અહીં જ થોભાવી દે. હું તારી પાસે તારા સુકોમળ દેહની યાચના કરું છું. તારો દેહ મને સોંપી દે. મારું મન ચંચળ બની સંયમ ખોઇ રહ્યું છે."

મત્સ્યગંધા ઋષિની અણધારી માગણીથી ચમકી ઊઠી. છતાં ધૈર્ય ધારણ કરીને તે બોલી : "ભગવન્ ! તમે જ્ઞાની છો. તમારે તો તપ કરવા જવાનું છે. શું એટલામાં તમે તમારું પરમ ધ્યેય ભૂલી ગયા ?

પરાશર બોલ્યા : "પ્રિયે ! કામદેવે મારા અંગેઅંગને તપાવી નાખ્યું છે. તપેલા અંગે હું તપ શી રીતે કરું ? તું સત્વરે મારા કામજ્વરને શાન્ત કર."

મત્સ્યગંધા બોલી : "તમે આ શું બોલી રહ્યા છો ? જોતા નથી કે સામે દેખાય એ મારી ઝુંપડી પાસે ઘણા મુનિજનો હોડીની વાટ જોઇ ઊભેલા છે. સૂર્ય હજુ આથમ્યા નથી. આવા સમયે આપણે પશુ જેવું આચરણ શી રીતે કરી શકીએ ?"

પરાશર બોલ્યા : "હે રમણી ! હું અનેક લાવણ્યમયી કામિનીઓનો પરિત્યાગ કરી તપ કરવા નીકળ્યો છું. જગતની કોઇ યૌવના મને આકર્ષી શકી નથી. છતાં આડે કોણ જાણે શાથી હું તારા રૂપ આગળ પરાજિત થયો છું ! અનેક રાક્ષસોને મેં મારા હાથે યજ્ઞમાં હોમ્યા છે. પરંતુ સુંદરી આજે હું તારા રૂપ યજ્ઞમાં

## ૮. રાજા ઉપરિચર વસુ

આર્યાવર્તના ચેદી પ્રદેશમાં મહારાજ કૃતિ રાજ્ય કરતા હતા. તેમને વસુ નામ એક પુત્ર હતો. રાજાએ પોતાની વૃદ્ધાવસ્થાના કારણે ચેદીના સિંહાસને રાજકુમાર વસુનો રાજ્યાભિષેક કર્યો. હવે રાજ્યધુરા નવયુવાન વસુના હાથમાં આવી.

વસુ ધર્મશીલ અને પરાક્રમી હતો, તેથી તેના રાજ્યકાલમાં પ્રજા સર્વ વાતે સુખી હતી. ચોર દસ્યુઓનો ભય પણ નાશ પામ્યો હતો.

આ સમયે શુક્તિમતી નદીના કાંઠે કોલાહલ પર્વતના તટપ્રદેશમાં મહારાજ કોલાહલનું રાજ્ય હતું. નદી પર્વત પાસેથી વહેતી હતી, પરંતુ એકાએક ધરતીકંપ થવાના કારણે પર્વતનાં શિખરો તૂટીને નદીમાં પડ્યાં, તેથી નદીનું વહેણ તેમાં અટવાઇ ગયું. આ શુક્તિમતી નદી ચેદીના પ્રદેશમાં થઇને વહેતી હતી, તેથી ચેદીનાં પ્રજાજનો પાણીનું સંકટ અનુભવવા લાગ્યા.

આ વાતની મહારાજ વસુને જાણ થતાં તેઓ અનેક સાધનો સાથે ત્યા દોડી ગયાં પ્રજાજનો પણ તેમની સાથે ગયાં. બધાંએ મળીને નદીના વહેણને અટકાવતા મોટા મોટા પથ્થરો અને શિલાઓ



તોડી તોડીને ખસેડવા માંડી. બધાએ સાથે મળી આનંદપૂર્વક શ્રમયજ્ઞ કરવા માંડ્યો. આસપાસના પ્રદેશમાંથી પણ મહારાજને સહાય કરવા અનેક માણસોનાં ટોળાં આવવા લાગ્યા. પથ્થરો ખસેડવાનું કામ પૂરજોશમાં ચાલવા માંડ્યું.

એકલો શ્રમ એ ભાર છે, પરંતુ જો તેમાં પ્રેમ ભળે તો તેમાંથી એક આનંદદાયી શક્તિ પ્રગટ થાય છે. અશક્ય લાગતું કામ દૃઢનિશ્ચય અને નિષ્ઠાને લીધે શક્ય બન્યું. ગિરિશિખરોમાં અટવાયેલો શક્તિમતીનો વિપુલ જલભંડાર જોતજોતામાં ખળખળ કરતો પુનઃ વહી ઊઠ્યો.

સૌનાં હૃદય આનંદથી છલકાઇ ઊઠ્યાં. મહારાજ વસ્ના જય જયકારથી વાતાવરણ ગાજી ઊઠ્યું. મહારાજ કોલાહલે પણ પર્વતનાં શિખરોના પથ્થરો ખસેડવાનું મહાકઠિન કાર્ય પાર પાડવા માટે મહારાજ વસુનું અભિવાદન કર્યું અને પોતાની વહાલસોયી રાજકુંવરી ગિરિકાનું તેમને કન્યાદાન દીધું.

મહારાજ કોલાહલની પુત્રી ગિરિકા હવે ચેદી રાજ્યની પટરાણી બની. તેના પરાક્રમી ભાઇ આદિત્યને પણ મહારાજ વસુએ ચેદી રાજ્યનું સેનાધિપતિપદ આપ્યું. ગિરિકાનું સુચારુ રૂપ અને દેહલાલિત્ય જોઇ રાજા વસુ તેના ઉપર અત્યંત આસક્ત રહેતો. આમ ને આમ ઘણો સમય વીતી ગયો, પરંતુ રાજા રાણીને સંતાનસુખ મળ્યું નહીં. તેથી બંને જણાં મનોમન ઉદાર સહેવા લાગ્યા.

એક દિવસ મહારાજ વસુએ ગિરિકાની સંમતિ લઇ અરણ્યવાસ કર્યો ત્યાંની નિર્જન ભૂમિના એકાન્તમાં તપશ્ચર્યા કરવા માંડી. તેમના ઘોર તપની વાત જોતજોતામાં ભૂમંડળમાં પ્રસરી ગઇ.

ઘણા દિવસ થયા એટલે રાજા ઉપરિચર વિમાનથી કંટાળ્યો અને મૃગયા રમવા વનમાં નીકળી પડ્યો. તેણે કેટલાય વરાહ, પાડા અને મૃગોને માર્યા. એવામાં એક શ્વેત ટપકાંવાળો સુવર્ણમૃગ તેની દૃષ્ટિએ પડ્યો. રાજા આ મૃગને જોઈ લલચાયો અને તેને મારવા તેની પાછળ ઘોડો દોડાવ્યો. મૃગની પાછળ પાછળ તે વનમાં ઘણે દૂર સુધી નીકળી ગયો, તેમ છતાં તે મૃગને મારી શક્યો નહીં.

મૃગની પાછળ દોડીને રાજા સાવ થાકી ગયો અને વિશ્રાન્તિ લેવા એક વિશાળ વડવૃક્ષ નીચે બેઠો. શીતળ સમીર, હરિયાળી ભૂમિ અને પંખીઓનો કલરવ ! આ બધાએ તેનો થાક ઉતારી દીધો અને તેનામાં યૌવનસુલભ ઉન્માદ ભરી દીધો. સુગંધભરી માદક વાયુવહરો તેનામાં કામના જગવવા લાગી. તે રાણી ગિરિકાને મળવા અધીરો બન્યો. સુચારુ રૂપ અને યૌવનથી ભર્યાં ભર્યાં અંગો તેની આંકો આગળ તરવરવા લાગ્યાં. તેનું મન ચંચળ બન્યું. રાજા કામવિહ્‌વળ બની સત્વરે પોતાના નગર ભણી જવા ચાલી નીકળ્યો.

ઉપરિચર પોતાનો અશ્વ દોડાવ્યો જતો હતો. એવામાં કલકલ વહેતી યમુના નદીમાં એક કલ્પનાતીત દૃશ્ય લજોઈને તે સ્તબ્ધ બની ગયો. રૂપરૂપના અંબાર જેવી એક નવયૌવના યમુનામાં જળવિહાર કરી રહી હતી. વારેવારે તે પાણીમાં ડૂબકી મારતી અને બહાર નીકળતી. જ્યારે તે બહાર નીકળતી ત્યારે તેનું વદન કાળા ભમ્મર કેશકલાપથી ઢંકાઈ જતું. ચંદ્ર જાણે વાદળમાં છુપાયો હોય તેવો ભાસ થતો. હળવે હાથે તે પોતાના કેશકલાપને પાછળ ઝાટકી મોઢા પરના જળને લૂછી નાંખી થોડી વાર ઊભી રહેતી. તે પછી તે



ભીંડાયેલા વસ્ત્રોમાં યૌવનથી ઊભરાતાં બંને સ્તનો ઉપર પાણીની છાલકો મારી વધારે સુરેખ કરતી. વળી ઘડીકમાં તે મોઢામાં પાણી ભરી કોગળા કરતી, તો ઘડીકમાં પોતાના અંગે અંગને હલાવી પાણીમાં ડૂબકી મારતી. આમ એકલી કામાતુર બની વિવિધ ચેષ્ટાઓ કરતી તે જળક્રીડા કરી રહી હતી.

તેનાથી થોડે દૂર એક બ્રાહ્મણ યમુનાના કેડ સમાણા જળમાં ઊતરી સૂર્યને અર્ધ્ય આપતો હતો. આ બ્રાહ્મણને જોઈ પેલી ઉછાંછળી નારીએ માછલીની પેઠે પાણીમાં ડૂબકી મારી અને પેલા બ્રાહ્મણ પાસે આવી, અચાનક તેના બંને પગ પકડ્યા. બ્રાહ્મણ ધ્યાનભંગ થયો. ગભરાયો અને પાણીમાં ગડથોલું ખાઈ ઊભો થયો અને મૂઠીઓ વાળીને નાઠો. આ અજાણી મત્સ્યકન્યા જેવી નવયૌવનાની ચેષ્ટા જોઈ રાજા વસુ મોહાન્ધ બની ગયો. કામોત્તેજનામાં તે સાનભાન ખોઈ બેઠો. તેને પોતાની પત્ની ગિરિકાનું પણ વિસ્મરણ થયું.

એકાએક તે ઘોડો ઊભો રાખી વસ્ત્રો ઉતારી, જળવિહાર કરવા યમુનામાં ઊતર્યો. જે જળક્રીડા કરતો કરતો પેલી રમણીની પાસે ગયો અને પૂછ્યું : "હે સુંદરી ! તમે કોણ છો ? યમુનામાં એકલાં અટૂલાં જ કેમ ક્રીડા કરી રહ્યાં છો ?"

રૂપાના રણકાર જેવા સ્વરે સુંદરીએ સામેથી પૂછ્યું : "પહેલાં તમે કોણ છો ? એ તો કહો !"

રાજા બોલ્યો : "સુંદરી ! હું ચેદી દેશનો રાજા છું. મારું નામ ઉપરિચર વસુ. હવે તમે તમારો પરિચય આપો !"

# ૯. મહારાજ શંતનુ

હસ્તિનાપુરમાં ચંદ્રવંશી મહારાજ પ્રતીપ રાજ્ય કરતા હતા. તેમને સુનંદી નામે રાણી હતી. સમય જતાં રાણીએ ત્રણ પુત્રોને જન્મ આપ્યો. દેવાપિ, શંતનુ અને બાલ્હિક. આ ત્રણે પુત્રો મોટા થયા. એવામાં મહારાજ પ્રતીપનું અવસાન થયું. દેવાપિ સૌથી જ્યેષ્ઠ હોવાથી તે રાજ્યસિંહાસને બેઠો, પરંતુ તે કુષ્ટ રોગી હોવાથી પ્રજાએ વિરોધ કરી તેને પદભ્રષ્ટ કર્યો, તેથી હસ્તિનાપુરનું સિંહાસન શંતનુને મળ્યું.

નવયુવાન રાજા મળવાથી હસ્તિનાપુરની પ્રજાએ આનંદોત્સવ મનાવ્યો. શંતનુએ વેદ અને ધનુર્વેદનો અભ્યાસ કર્યો હતો, તેથી તેમની શાસ્ત્ર અને શસ્ત્ર બંને પર પ્રીતિ હતી.

એકવાર મહારાજ શંતનુ મૃગયા રમવા વનમાં ગયા. મધ્યાહ્નનો સમય થયો હતો અને રાજા દોડધામથી થાકી ગયા હતા, તેથી વિશ્રાન્તિ લેવા તેઓ ગંગાના તટે એક વિશાળ વૃક્ષ નીચે બેઠા. એવામાં તેમની દૃષ્ટિ એક અનુપમ નવયૌવના પર પડી. આ લાવણ્યવતી સુંદરીને જોતાં જ રાજા મુગ્ધ બની ગયા. તેનો ચંદન જેવો ગૌર વર્ણ, ચંચળ નેત્રો, શ્યામ ભ્રમરો, પુષ્પોની પાંદડી જેવા



હોઠ, યૌવન સભર અંગો અને દેહલાલિત્ય જોઈ મહારાજ મોહાંધ બની તેની પાસે ગયા અને બોલ્યા :

“હે સુંદરી ! તું કોણ છે ? તારું નામ શું ?”

નવયૌવના બોલી : “મારું નામ ગંગા. હું ગંગાને પેલે પાર રહું છું, હવે તમે તમારો પરિચય આપશો ?”

શંતનુએ કહ્યું : “દેવી ! મારું નામ શંતનું. હું હસ્તિનાપુરનો રાજા છું, હું આખેટક બનીને વનમાં આવ્યો હતો, પરંતુ હવે હું જ આખેટ બની ગયો છું તારું મનોહર રૂપ જોઈ મારાં નેત્રો અંજાઈ ગયાં છે. હવે હું તારા વિના રહી શકું તેમ નથી. તું મને પતિ માની મારું વરણ કર !”

ગંગા બોલી : “રાજન્ ! હું એક સ્વતંત્ર સ્વભાવની નારી છું. હું લગ્ન કરી પુરુષના બંધનમાં રહી પરાધીન જીવન ગાળવા માગતી નથી.”

શંતનુએ કહ્યું : “ગંગા ! લગ્ન એ બંધન નથી. પરાધીનતા નથી. જીવનનું પરમ કર્તવ્ય છે. સંસારના સાતત્ય માટે એ આવશ્યક છે.”

ગંગાએ સ્મિત કરતાં કહ્યું : “રાજન્ ! તમે કહો છો તે સત્ય હશે, પરંતુ લગ્નના નામે પુરુષ માત્ર નારીને બંધનમાં જકડી લે છે. વળી તમે તો રાજા છો એટલે તમારાં બંધનો પણ અસહ્ય હોય. એવાં બંધનમાં તો હું જીવી પણ ન શકું.” રાજાએ નમ્ર વાણીમાં કહ્યું : “ગંગા ! હું તારા સ્વાતંત્ર્યને જરાકે આંચ આવવા નહીં દઉં, એવું હું તને વચન આપું છું.” ગંગા ભારપૂર્વક બોલી :

અટકાવવી અને પોતાના પુત્રને બચાવી લેવો. આથી તે ત્વરિત ગતિએ ગંગાની પાછળ દોડ્યો. તે ઊંચા સાદે બોલ્યો : “ગંગા ! ઊભી રહે...ઊભી રહે !”

રાજાનો સાદ સાંભળી ગંગા થંભી ગઇ. રાજા તેની પાસે જઇ તેના પગ આગળ બેસી ગયો. રાજાના અનુચિત વર્તનથી ગંગા ડઘાઇ ગઇ. તે બોલી ઊઠી “આર્ય ! આ શું કરો છો ? ઊભા થાઓ, તમારે શું કહેવાનું છે ? જે કહેવાનું હોય તે મને શાંત ચિત્તે કહો.”

રાજા ગદ્ગદ હૃદયે બોલ્યો : “ગંગા ! મને ક્ષમા કર. મારા પુત્રને હું મરવા નહીં દઉં. અત્યાર સુધી મેં તને કશું કહ્યું નથી. તેં મારા સાત સાત પુત્રો ગંગામાં પધારાવી દીધા. હવે તું વધુ નિર્દય ન થાય. મારા પર દયા રાખ અને આ આઠમા પુત્રને જીવવા દે. આથી વિશેષ મારે કશું જ કહેવું નથી.”

શંતનુના આવાં નમ્ર વાક્યો ગણકાર્યા વિના ગંગા આઠમા પુત્રને પાણીમાં ડૂબાડવા નદીની દિશાએ ચાલવા માંડી.

પોતાની વિનંતીની અવગણના થવાથી રાજાને ક્રોધ ચઢ્યો. તેણે ગંગાનો હાથ પકડ્યો અને પોતે આપેલા વચનનો ભંગ કરી તે બોલ્યો : “રે દુષ્ટ ! તને લેશ પણ દયા આવતી નથી ? બાળહત્યાનો ભય પણ નથી ? તું નારી નહીં પણ નારીના રૂપમાં રાક્ષસી લાગે છે. મારો વંશધર મને સોંપી દે અને તને ઠીક લાગે તેમ કર. રહવું હોય તો રહે અને જવું હોય તો જા. હવે મને તારી લેશ પણ ચિંતા નથી.”



રાજાના કઠોર વચનો સાંભળી ગંગાને ક્રોધ ચઢ્યો. તે ધીર ગંભીર વાણીમાં બોલી : “રાજન્ ! તમે વચનભંગ થયા છો. એટલે આજે અને આ જ ઘડીએ આપણો પતિ પત્નીનો સંબંધ પૂરો થાય છે. હવે તમારો મારા પર કોઇ પણ પ્રકારનો અધિકાર રહ્યો નથી. તમે મારા સ્વાતંત્ર્યનો ભંગ કર્યો છે, એટલે મારે હવે પરાધીન બની અહીં રહેવું નથી.”

રાજા બોલ્યો : “ગંગા ! મેં મોહાન્ધ બની તારી બધી વાતોનો સ્વીકાર કર્યો હતો. સ્વતંત્રતાનો એ અર્થ નથી કે, પતિ પત્નીએ એકબીજાથી વિપરીત આચરણ કરવું. સ્ત્રી અને પુરુષ એ સંસાર રથનાં બે પૈડાં છે. જો એ બે પૈડાં એકબીજાને અનુકૂળ રહે તો જ રથ યોગ્ય દિશાએ ચાલે. જો એક પૈડું બીજા પૈડાથી પ્રતિકૂળ ચાલે તો રથ ઉબડખાબડ ભૂમિમાં પડે અને ભાંગીને ભુક્કો થિ જાય. ગંગા ! તારા લાગણીશૂન્ય શબ્દોથી મને અપાર દુઃખ થાય છે. તારો નિર્ણય મને શલ્યની પેઠે સાલે છે, પરંતુ હું લાચાર છું, પુત્ર વિના રહી શકું તેમ નથી. મારો પુત્ર મને સોંપી દે !”

ગંગા બોલી : “મહારાજ ! નવજાત બાળક માતા વિના રહી શકે નહીં. એટલે હું તેને મારી સાથે લઇ જાઉં છું. હું તેનું લાલનપાલન કરી યોગ્ય વયનો થતાં તમોને સોંપી જઇશ. તમે તમારા પુત્ર માટે નિશ્ચિંત રહેજો.” આમ કહી ગંગા તેના આઠમા પુત્રને લઇને ચાલવા માંડી.

રાજા ઉદાસ ચિત્તે, પુત્રને લઇને જતી ગંગાને જોઇ રહ્યા. ગંગા યમુનાના સામે કાંઠે આવેલી વનરાજીમાં દેખાતી બંધ થઇ, ત્યાં સુધી તે ઊભો રહ્યો. તે પછી રાજા નિશ્વાસ મૂકી રાજધાનીમાં

મને ભય છે કે, તેમની તપશ્ચર્યા ફળીભૂત થશે તો મને તેઓ ઈન્દ્રપદથી પદભ્રષ્ટ કરશે. તે માટે આપણે સત્વરે ઉપાય કરવો જોઈએ. સર્વ અપ્સરાઓમાં મને તારા ઉપર અધિક વિશ્વાસ છે. દેવસભામાં તારું સ્થાન અજોડ છે ; કારણ કે વિધાતાએ તારામાં અનુપમ સૌંદર્ય મૂક્યું છે તે સાથે નૃત્યકલાનો સમન્વય પણ કર્યો છે. તું જો ધારે તો મને આ સંકટમાંથી બચાવી શકે.''

સુરપતિ ઈન્દ્ર ગભરાટમાં બોલ્યે જતો હતો. પરંતુ તેના કહેવાનો ભાવાર્થ મેનકા સ્પષ્ટ રીતે સમજી શકી ન હતી. તે વિનયપૂર્વક બોલી : ''દેવરાજ ! હું આપને શી રીતે બચાવી શકું ? તે હું સમજી શકી નથી. આપ આજ્ઞા કરો. આ દાસી આપની આજ્ઞાનું પાલન કરશે.''

''મેનકા ! તું વિશ્વામિત્ર પાસે જા અને તારા રૂપ, યૌવન અને ચાતુર્યનો ઉપયોગ કરી, તેમના બ્રહ્મચર્યનું ખંડન કરી, તેમને તપોભંગ કર. દેવસભાને ડોલાવનાર તારું યૌવન વિશ્વામિત્રને મહાત કરવા સમર્થ છે, એવો મને વિશ્વાસ છે. જો તું ''હા, ના'' કરીશ તો મારું ઈન્દ્રપદ ભયમાં મુકાશે એવો મને ડર છે.'' ઈન્દ્રે પોતાની મનોવેદના મેનકાને કહી.

વિશ્વામિત્રનું નામ સાંભળતાં જ મેનકાનું હૃદય થડકી ગયું. થોડીવારે તે ગાંભીર્ય ધારણ કરીને બોલી : ''દેવરાજ તમે જાણો છો કે, વિશ્વામિત્ર ક્રોધી છે. તે તપોબળથી જ રાજર્ષિમાંથી બ્રહ્મર્ષિ બન્યા છે. તેમના તપના પ્રભાવથી સૂર્ય, ચંદ્ર, યમ અને દેવતાઓ પણ થરથર કંપે છે. આપને પણ તેમનો ભય છે, તો મને એક સ્ત્રીને તેમનો ભય લાગે તે સ્વાભાવિક છે. પરંતુ દેવરાજ ! હું આપની



દાસી છું. આપની આજ્ઞાનું અવશ્ય પાલન કરીશ.'' આમ કહી મેનકા ઈન્દ્રની આજ્ઞા લઈને વિશ્વામિત્રના આશ્રમમાં જવા નીકળી.

વિશ્વામિત્ર અન્ન ઉદકનો ત્યાગ કરી, પોતાના આશ્રમમાં કઠોર તપશ્ચર્યા કરી રહ્યા હતા. મેનકા ત્યાં આવી અને પોતાની મોહિની ઈન્દ્રજાળ વિસ્તારવા લાગી. માત્ર એક વસ્ત્ર પહેરેલી મેનકાએ ધરતી પર પદ પ્રહાર કરીને નુપૂરને ઝણકાવ્યાં અને હાવભાવ પ્રદર્શિત કરવા નૃત્યનો આરંભ કર્યો. નુપૂરના રૂમઝૂમ ધ્વિનિથી નિઃશબ્દ વાતાવરણ રણઝણી ઊઠ્યું. ત્યાં તો કોકિલે ટહુકો કર્યો. તે પછી તો બધાં પક્ષીઓએ એનું અનુકરણ કરી કલરવથી વાતાવરણને ભરી દીધું. એકાએક શાન્ત વાતાવરણમાં આંદોલન જાગ્યું. શાન્ત રહેલો વાયુ પણ ઉન્મત્ત થઈ વૃક્ષોની શાખાઓને ડોલાવા લાગ્યો. થોડી વારમાં તો વાયુની લહેરોએ ઉપવનોમાંથી પરિમલ વહાવી લાવી અહીંનાં વાતાવરણમાં ઠાલવી દીધી.

એકાએક વાતાવરણમાં પરિવર્તન આવતાં મહર્ષિ વિશ્વામિત્રની સમાધિ ભંગ થઈ. તેમનાં બંધ નેત્રો ધીમેધીમે ખૂલ્યાં, માધુર્યપૂર્ણ વાતાવરણમાં તેમણે માધુર્યમૂર્તિ મેનકાને જોઈ.

વિશ્વામિત્રની સમાધિ ભંગ થયેલી જોઈ મેનકા પોતાના નૃત્યમાં ગતિ લાવી. મોહમયી મુદ્રાઓ દ્વારા તે વિશ્વામિત્રને લલચાવી રહી હતી. એકમાત્ર પરિધાન કરેલા સૂક્ષ્મ વસ્ત્રમાંથી તેના અંગેઅંગનું હલનચલન સ્પષ્ટ દેખાતું હતું.

મેનકાના રૂપદર્શનથી ચંચળ થયેલું વિશ્વામિત્રનું મન હવે સ્પર્શ માટે તલસી રહ્યું હતું. એટલામાં વાયુદેવ જાણે મેનકાને સહાય કરતો હોય તેમ એકાએક વંટોળનું રૂપ લઈ તેના એક માત્ર

પણ ઉગ્ર તપશ્ચર્યામાં વીતાવીશ. પ્રાયશ્ચિત દ્વારા આત્માને તપાવી તપાવીને પરિશુદ્ધ કરીશ. ખોયેલું તપોબળ પાછું મેળવીશ.''

આમ કહી તેઓ મેનકા સામેથી મોં ફેરવી લઈ ઝટ ચાલતા થયા.

મેનકાનું કાર્ય સિદ્ધ થયું હતું. હવે એક ક્ષણ પણ અહીં રહેવું તેના માટે ઉચિત ન હતું. તે નવજાત કુસુમકળી સમી બાલિકાને તેના પ્રારબ્ધ ઉપર છોડી જવા તૈયાર થઈ. તેણે કોમળ કમળપત્રો લઈ આવી અને તેમાં આ બાલિકાને સુવાડી માલિની નદીના કાંઠે એક વૃક્ષ નીચે મૂકી દીધી. મેનકાએ પોતાની બાલિકાની પ્રકૃતિને થાપણ આપી ભારે હૈયે સ્વર્ગ પ્રતિ પ્રયાણ કર્યું.



# ૧૧. મહર્ષિ કણ્વ

હિમગિરીની તળેટીમાં મહર્ષિ કણ્વનું તપોવન હતું. તપોવનનો વિસ્તાર ઘણો મોટો હતો. તપોવનમાં થઈને માલિની નદીનું નિર્મળ પાણી વહેતું હતું.

મહર્ષિ કણ્વની કીર્તિસુવાસ ચારે દિશાએ પ્રસરેલી હતી. આથી તેમના આશ્રમમાં દૂર દૂરથી બ્રહ્મચારીઓ વિદ્યાભ્યાસ કરવા આવતા હતા. તપોનિધિ કણ્વના તપોવનનું વાતાવરણ નિર્મળ અને મનોહર હતું.

મહર્ષિ કણ્વ આજે વહેલી સવારે માલિની નદીતીરે સ્નાનસંધ્યા માટે આવ્યા હતા. તેઓ સ્નાન, ધ્યાન અને સંધ્યાથી પરવારી આશ્રમ ભણી આવી રહ્યા હતા. ત્યાં તેમણે એક આશ્ચર્ય જોયું.

શકુંત મોર પક્ષીઓનું ટોળું એક વૃક્ષની આસપાસ ફરી રહ્યું હતું. પક્ષીઓ ચિત્કાર કરતાં એક વૃક્ષની ચોપાસ ઊડતાં હતાં. એક જ સ્થળે એક જ સાથે શકુંતોનો સમૂહ જોઈ મહર્ષિ કણ્વ નવાઈ પામ્યા. તેઓ આશ્રમમાં જવાનો માર્ગ છોડી દઈ કુતૂહલવશ પક્ષીઓના ટોળા ભણી ગયા. ત્યાં જઈને મહર્ષિએ જોયું તો, એક

ભણી દોડતાં આવતાં હતાં, પક્ષીઓનાં ટોળેટોળાં ભયજનક ચિચિયારીઓ પાડતાં ઊડી રહ્યાં હતાં.

આ બધું જોઈ આશ્રમવાસીઓ સ્તબ્ધ બની ગયા હતા, આ ઉપદ્રવ જોઈ મહર્ષિ કણ્વની આજ્ઞા લઈ સાત બ્રહ્મચારી વિદ્યાર્થીઓ નીરીક્ષણ કરવા ચાલી નીકળ્યા. માલિની નદી ઓળંગી પેલે તીર ગયા તો ત્યાં ચતુરંગિણી સેના સહિત મૃગયા રમવા નીકળેલા હસ્તિનાપુર પતિ મહારાજ દુષ્યંતને તેમણે જોયા. સનન્ સનન્ કરતાં તીરો છુટી રહ્યાં હતાં. નિરપરાધી મૃગ, સાબર, નીલગાય અને મહિષ તેનો ભોગ બની કરુણ ચિત્કાર કરી મરણને શરણ થતાં હતાં.

આ કરુણ દશ્ય જોતાં જ બ્રહ્મચારીઓનાં કાળજાં થડકી ગયાં, તેમ છતાં તેઓ સાહસ કરી, બંને હાથ ઊંચા કરી "હિંસા બંધ કરો, આ અભયારણ્ય છે. મહર્ષિ કણ્વનું તપોવન છે ! અહીં કોઈ પશુનો પ્રાણ લેવો ઈષ્ટ નથી." આમ બોલતાં બોલતાં મહારાજ દુષ્યંતના રથ સન્મુખ આવીને ઊભા રહ્યા. આશ્રમવાસીઓને જોતાં મહારાજ દુષ્યંતે ખેંચેલી પ્રત્યંચા છોડી દીધી અને બાણ નિષંગમાં મૂક્યું. તેઓ બોલ્યા : "શું અહીં સુધી મહર્ષિ કરણ્વના તપોવનની સીમા છે ?"

"હા મહારાજ !"

"મારાથી એ અજાણ હતું." એમ કહી મહારાજ દુષ્યંતે પોતાના સેનાપતિને થોભી જવાની આજ્ઞા કરી. મહારાજની આજ્ઞા થતાં અનેક ધનુષ્યોમાંથી છૂટતાં તીર અટકી ગયાં. ઘોડાઓનો હણહણાટ બંધ થયો. કોલાહલ શમી ગયો ! શાન્તિ પથરાવા લાગી !



આશ્રમવાસીઓના હૃદયને શાન્તિ વળી. તેઓ બોલી ઊઠ્યા : "મહારાજનો જય હો ! આખાયે સૈન્યે તે જયધ્વનિ ઝીલી લીધો અને સમગ્ર તપોવનમાં તેના પડઘા પડ્યા.

"મહારાજ ! આપનું કલ્યાણ હો !" એમ કહી આશ્રમવાસીઓ વિદાય લઈ ત્યાંથી ચાલી નીકળ્યા અને કણ્વાશ્રમમાં આવી પહોંચ્યા. તેમણે આખી યે ઘટના કુલપતિ કણ્વને કહી. આશ્રમની મર્યાદા સ્વીકારવા માટે મહર્ષિ કણ્વે અંતરથી મહારાજ દુષ્યંતને ધન્યવાદ આપ્યા.

આશ્રમવાસીઓના ગયા પછી મહારાજ દુષ્યંત વિચારવા લાગ્યા કે, મારાથી અજાણતાં મહર્ષિ કણ્વના તપોવનમાં હિંસા થઈ. આ આદર્શ સમ્રાટનું હૃદય પશ્ચાત્તાપથી ભરાઈ ગયું. મહારાજની આજ્ઞા પ્રમાણે સમગ્ર સૈન્યે માલિની નદીના પશ્ચિમતીરે પડાવ નાંખ્યો. શિબિરો ઊભી થઈ અને બળવાન અશ્વો બાંધવા ખીંટીઓ ખોડાવા લાગી. રાત પડી. ભોજનથી પરવારી સમગ્ર સૈન્ય શાંતિથી નિદ્રાધીન થયું. પરંતુ મહારાજ દુષ્યંતને રાત્રે ઊંઘ ન આવી, તેમનું મન વ્યાકુળ હતું. મહર્ષિ કણ્વની પાસે જઈ પોતાના અપરાધની ક્ષમા માગવાની ઈચ્છે તેમને અકળાવી રહી હતી.

સવાર થયું. આદિત્યનાં અવનવાં કિરણોથી તપોવનનું પ્રાકૃતિક સૌંદર્ય ખીલી ઊઠ્યું. રંગરંગી પક્ષીઓ વિવિધ રંગી પાંખો ફેલાવી ઊડવા લાગ્યાં. પુષ્પોની પરિમલથી સુરભિત વાતાવરણ માનવહૃદયમાં આહ્‌લાદ ભરવા લાગ્યું.

મહારાજ દુષ્યંત સ્નાનાદિ નીત્યકર્મથી પરવારી, મહર્ષિ કણ્વનાં દર્શન કરવાની પોતાની ઈચ્છો છે, એમ સેનાપતિને કહી

મહારાજ દુષ્યંત ફળફળાદિનું ભોજન કરી રહ્યાં, ત્યાં તો કુમારિકાએ માલિનીના નિર્મળ, શીતળ નીર ભરેલો કળશ આગળ મૂક્યો.

મહારાજે હસ્ત પ્રક્ષાલન કરી જળપાન કર્યું. આજે તેમને ભોજનમાં અપૂર્વ મીઠાશ અને જળપાનમાં શીતળતા લાગી. કુમારિકાનું નિર્દોષ સૌંદર્ય મહારાજને આકર્ષી રહ્યું હતું. તેમણે હળશવેથી પૂછ્યું : "કુમારિકા ! આપનો પરિચય ?"

"મને બધા શકુન્તલા કહે છે, હું મહર્ષિ કણ્વની પુત્રી છું."

"પરંતુ ભગવાન કણ્વ તો આદિત્ય બ્રહ્મચારી છે, એવું મેં સાંભળ્યું છે."

"હા, એ પણ સત્ય છે."

"તો ક્યું અસત્ય છે ?"

"એકે નહીં, બંને સત્ય."

મહારાજની કંઈક વધુ જાણવાની જિજ્ઞાસાવૃત્તિ જોઈ શકુન્તલા આગળ બોલી :"જન્મદાતા, પ્રાણદાતા અને અન્નદાતા એ ત્રણે મનુષ્યના પિતા ગણાય. ભગવાન કણ્વ બે રીતે મારા પિતા છે. એમણે મને પ્રાણદાન આપ્યું છે અને પોષણ પણ તેઓ જ કરે છે. તેઓ કહેતા હતા : "પુત્રી ! તારા જન્મદાતા પિતા તો મહર્ષિ વિશ્વામિત્ર છે. જેમના તપથી સ્વર્ગના દેવો પણ ધ્રૂજી ઊઠે છે અને તારી માતા પણ સ્વર્ગલોકની માનીતી અપ્સરા મેનકા છે. સંયોગવશાત્ તેમણે તારો ત્યાગ કર્યો ને મેં તને ઉછેરીને મોટી કરી."



"આશ્ચર્ય ! શકુંતલા, આશ્ચર્ય ! હું તને બ્રાહ્મણકન્યા માની સંકોચ પામતો હતો, પરંતુ તું તો ક્ષત્રિયકન્યા નીકળી !"

"હું ક્ષત્રિયકન્યા હોઉં કે બ્રાહ્મણકન્યા તેથી આપને શો લાભ હાનિ હતાં ?" આટલું બોલતાં બોલતાં તો લજ્જાએ શકુન્તલાના કપોલોને લાલીથી રંગી દીધા.

"શકુન્તલા ! સાચું કહું ! મને એમ થાય છે કે હું તને જોયા જ કરું. મારી દૃષ્ટિ તારા મુખારવિંદ પરથી ખસતી નથી. કેમ એમ થતું હશે ? તને બ્રાહ્મણકન્યા સમજી હું મનમાં મુઝાતો હતો, જ્યારે તું ક્ષત્રિયકન્યા છે, તો તને કહેવામાં મને કંઈ જ વાંધો લાગતો નથી."

"મહારાજ ! મને પણ આજે આશ્રમની પ્રત્યેક વસ્તુમાં અપૂર્વતાનો ભાસ થાય છે. વનની લતાઓ, વૃક્ષો અને પશુ પક્ષીઓમાં પણ નવું જ રૂપ અને ઓજસનાં દર્શન થાય છે. આપ સદાય મારી સન્મુખ રહો, એવું હૃદય ઈચ્છી રહ્યું છે. મહારાજ ! આજે મને એમ કેમ થયું હશે ?

દુષ્યંત અને શકુન્તલા દત્તચિત્તે વાતો કરી રહ્યાં હતાં. એટલામાં શકુન્તલાનું પ્રિય હરણબાળ કૂદીને ત્યાં આવ્યું. તેણે શકુન્તલાના દૂકુલનો છેડો મોઢામાં પકડ્યો. શકુન્તલા ઊભી થઈને મૃગબાળને પંપાળવા લાગી. મહારાજ પણ ઊભા થયા, ત્યાં તો આશ્રમની વૃદ્ધ તાપસી ગૌતમીએ સાદ દીધો : "બેટા ! શકુન્તલા ! પેલી મધુમાલતી લતાને જળસિંચન કરવાનું ભૂલતી નહીં, હું ગૌશાળામાં જાઉં છું."

ઉપર ટપલી મારી અને બંને સખીઓ એકસાથે હસી પડી.

પ્રિયંવદા ચતુર હતી. આજની શકુન્તલા તેને કંઇક નવીન જ લાગતી હતી. સદા શાંત અને ગંભીર સ્વભાવની શકુન્તલામાં તેણે એકાએક આવેલ પરિવર્તન જોયું અને તે વિચારમાં પડી ગઇ. મહારાજ દુષ્યંતના આતિથ્યથી પણ તે સુપરિચિત હતી. ત્યાં એકાએક તેની દૃષ્ટિ અશોક વૃક્ષ ઉપર પડી. અશોક વૃક્ષની પાછળ તેણે મહારાજ દુષ્યંતનું ઉત્તરીય ઊડતું જોયું. તેની વિચક્ષણ દૃષ્ટિએ પરિસ્થિતિ પારખી લીધી. તત્ક્ષણ તેણે શકુન્તલાને કહ્યું : "સખી ! પિતાજી જાગી ગયા હશે. ચાલ, સત્વરે પાણી ભરી લે." આમ કહી તેણે પોતાનું જળપાત્ર માલિનીમાં ડુબાડ્યું અને પાણી ભરેલો ઘડૂલો કટિ ઉપર મૂકી બીજી સુખીઓ ચાલવા માંડી તેનું પણ તેને ભાન ન રહ્યું. પોતાનું જળપાત્ર શિલા પર મૂકી, જળને તે પગ વડે ફંગોળી રહી હતી. ત્યાં એકાએક હળવો સીત્કાર થયો.

શકુન્તલાએ જોયું તો તેની પાછળ મહારાજ દુષ્યંત ઊભા હતા. ઘડીવાર એકબીજાને જોતાં બંને જણાં મૌન રહ્યાં. થોડીવપારે મહારાજ બોલ્યા : "શકુન્તલા ! મને શ્રદ્ધા હતી કે, તું સવારે અહીં જળ ભરવા આવીશ."

"હા, એ તો અમારો નિત્યનિયમ છે."

"એટલે તો હું તારી પ્રતીક્ષા કરતો ક્યારનોય અહીં ઊભો હતો."

"મેં તો આપને હમણાં જ જોયા." શકુન્તલાએ વિસ્મયથી કહ્યું.



"હા, હું પેલા અશોક વૃક્ષની પાછળ સૂર્યોદય પહેલાંથી જ ઊભો હતો. મારે તારી સાથે એકાંતમાં વાત કરવી હતી. તને એકલી જોઇ એટલે આવ્યો."

"મહારાજ ! મારા માટે આટલું બધું કષ્ટ ઉઠાવ્યું ?"

"શકુન્તલા ! કષ્ટ નહિ આનંદ કહે. તારી કલ્પના કરવામાં પણ મને આનંદ આવે છે."

"મહારાજ ! હું પણ આપનાં દર્શન માટે એટલી જ અધીર હતી."

આમ વાતો કરતાં કરતાં બંનેની દૃષ્ટિ પરસ્પરમાં પરોવાઇ.

મહારાજ બોલ્યા : "શોભને ! હું તારું પાણિગ્રહણ કરવા માગું છું. આપણે બંને ક્ષત્રિય છીએ, આપણા માટે ગાંધર્વલગ્ન પણ ધર્મ વિહિત છે, જો તું મારી વાતનો સ્વીકાર કરે તો મારું જીવન ધન્ય બની જાય. વસ્ત્રો અલંકારો, આભૂષણોનો હું તારી આગળ ઢગલો કરી દઉં, જો તું હા કહે તો હસ્તિનાપુરનું સામ્રાજ્ય પણ આજથી તારું જ સમજ." આમ કહી મહારજા દુષ્યંતે શકુન્તલાનો ઉત્તર સાંભળવા તેના મુખારવિંદ ઉપર દૃષ્ટિ ઠેરવી.

"મહારાજ ! આપણું લગ્ન જો ધર્માનુકૂલ હોય તો આપની વાત હું સહર્ષ સ્વીકારું છું. પરંતુ...."

"પરંતુ શું ? એથી વધારે તારે શું જોઇએ ? શકુન્તલા તારી સર્વ ઇચ્છાઓ પૂર્ણ કરવા, અરે ! પ્રાણાર્પણ કરવા પણ હું તત્પર છું."

# ૧૨. દુષ્યંત

આશ્રમની સુરક્ષાના આનંદના સમાચાર માતા ગૌતમીએ શકુન્તલાને કહ્યા. ધીરે ધીરે તેનામાં ચેતનાનો સંચાર થયો. તેણે પોતાનાં રાજિવ નેત્રો ઉઘાડીને જોયું તો સામે જ મહારાજ દુષ્યંત ઊભા હતા ! તે મુગ્ધ ભાવે તેમને જોતાં જોતાં બેઠી થઈ ગઈ.

મહર્ષિ કણ્વ મહારાજને અભિનંદન આપવા માટે ઉત્સુકતાથી અગ્નિશાળામાં બેઠા હતા. દસ્યુઓ ઉપર વિજય મેળવીને આવેલા મહારાજ દુષ્યંત પાસે તેઓ આવ્યા. ભગવાન કણ્વને જોતાં જ મહારજે તેમને બે હાથ જોડી પ્રણામ કર્યા. મહર્ષિએ તેમને આશીર્વાદ આપી આશ્રમની રક્ષા માટે ધન્યવાદ આપ્યા.

ભગવાન કણ્વનાં દર્શન કરી દુષ્યંત પાવન થયો અને તેમના આશીર્વાદ મેળવી તે ધન્ય બન્યો. માતા ગૌતમીના ખોળામાં પડેલી કોમળ કળી જેવી શકુન્તલાની સ્થિતિ જોઇ તે તેનું હૃદય પારખી ચૂક્યો અને નેત્રસંકેતથી તેની વિદાય લઈ તેમણે સૈનિકો સાથે પોતાની શિબિર પ્રતિ પ્રસ્થાન કર્યું.

શકુન્તલાના મુખભાવ અને મહારાજની અધિરતા માતા ગૌતમીથી અજાણ્યા રહ્યાં ન હતાં. મહારાજના આગમન પછીના



શકુન્તલાના ઉલ્લાસની તેમને પૂરી જાણ હતી.

યૌવન એ શરીરની શ્રેષ્ઠ અવસ્થા છે. આ અવસ્થામાં ગતિમાન થતાં શરીર અને મનનાં આંદોલનોથી માતા ગૌતમી અજ્ઞાત ન હતાં. તેઓ પોતાનો ધર્મ યથાર્થ રીતે સમજતાં હતાં. આશ્રમનું કોઈ સંતાન માત્ર પોતાનો સ્વાર્થ સાધવા કોઈની સાથે દુર્વ્યવહાર ન કરે, આત્માની ઉન્નતિમાં અવરોધક નિષિદ્ધ આચરણ ન કરે એટલું તેઓ ઇચ્છતાં હતાં. પ્રેમ અને લગ્ન એ તો માનવ જીવન માટે પ્રભુનું વરદાન છે, શાપ નથી, એમ તેઓ માનતાં હતાં, મહારાજ દુષ્યંત અને શકુન્તલાનો પરિણય લગ્નમાં પરિણમે તો તેમાં તેઓને કશું અનુચિત લાગતું ન હતું.

મહારાજ દુષ્યંત વીર, વિદ્વાન અને આર્યાવર્તના ચક્રવર્તી સમ્રાટ હતા, તો શકુન્તલા વિદ્યા અને વિનયથી સુશોભિત સુષમાભરી નવયૌવના હતી. તેમનું અંતર તો આ જોડલીને આશીર્વાદ આપવા ક્યારનુંય ઉત્સુક હતું.

મહારાજ દુષ્યંત ગયા પછી શકુન્તલા પોતાની વિરહવ્યથા સહી શકી નહિ. એકાએક તેનાં અંગોમાં શિથિલતા આવી અને હાથપગ ઓગળવા લાગ્યા. તે એકાંત કુંજમાં પ્રિયંવદા સાથે બેઠી હતી. પ્રિયંવદાએ તેને પ્રસન્ન કરવા વાતવિનોદ કરવાની ચેષ્ટા કરી, પરંતુ તેમાં તેને સફળતા મળી નહિ. શકુન્તલાની માનસિક સ્થિતિ પણ સ્વસ્થ ન હતી. પોતાની પ્રિય સખીની આવી દશા જોઇ પ્રિયંવદાને દયા આવી. તે બોલી : ‘‘શકુન્તલા ! તું વ્યર્થ ચિંતા કરે છે. મહારાજ દુષ્યંત અવશ્ય આવશે જ.’’

"આશ્રમની પરમશોભના શકુન્તલાનો."

શકુન્તલાનું નામ સાંભળતાં જ મહારાજ અશ્વ પરથી નીચે ઊતરી પડ્યા. પ્રિયંવદાએ તેમને શકુન્તલાનો લખેલો કમળપત્ર આપ્યો. મહારાજે ઉત્સુકતાથી વાંચ્યો અને કહ્યું : "પ્રિયંવદા ! તમારી સખીની સ્થિતિ હું જાણું છું. મારી સ્થિતિ પણ તેમના કરતાં વધારે સારી નથી. તેમને કહેજો કે, આજે સાયંકાળ પછી હું આપના આશ્રમના ઉપવનમાં આવીશ. મને આશા છે કે મારી અભિલાષા પૂર્ણ થશે."

નમસ્કાર કરી પ્રિયંવદાએ વિદાય લેતાં કહ્યું : "મહારાજ ! આપનો સંદેશો હું શકુન્તાલને અવશ્ય કહીશ.'

આશ્રમમાં આવવા નીકળેલા મહારાજ પોતાના શિબિર ભણી પાછા ફર્યા પ્રિયંવદા આશ્રમમાં આવી અને શકુન્તલાને મહારાજનો સંદેશો આપતાં કહ્યું : "શકુન્તલા ! તું ભાગ્યશાળી છે. આર્યાવર્તનો સમ્રાટ સામે ચાલીને તને મળવા આવશે.'

મહારાજના સંદેશાથી શકુન્તલી આંખમાં આશાનું તેજ પુરાયું. તેણે પોતાની પ્રાણપ્રિય સખીને હળવેથી કંઈક કાનમાં કહ્યું.

શકુન્તલાની વાત સાંભળી પ્રિયંવદા બોલી : "તો તો આજે તારા માટે પરમ સૌભાગ્યનો દિવસ કહેવાય. ચાલ, હું માળા ગૂંથું."

"ના, બહેન ના. મારું મન હજુ કશો નિર્ણય કરી શક્યું નથી.કદાચ મહારાજ ન આવે તો ?"



"તને ભલે શંકા કુશંકાઓ થતી હોય, પરંતુ મને તારા સૌંદર્યની સુષમામાં, અને મહારાજનાં વચનોમાં સંપૂર્ણ શ્રદ્ધા છે. તે આવશે, અવશ્ય આવશે." આમ કહી શકુન્તલાને ત્યાં મૂકીને પ્રિયંવદા ઉતાવળે ઉતાવળે પુષ્પો વીણવા ચાલી ગઈ.

શોકાકુલ દશામાં શકુન્તલા એક શિલા ઉપર બેઠી હતી. કેમે કરીને તેનો સમય જતો ન હતો. અનેક વિચારોમાં ડૂબેલી શકુન્તલા તર્ક વિતર્કમાં ઝોલાં ખાતી હતી. મહારાજ દુષ્યંતની મૂર્તિ તેની આંખો આગળથી ખસતી જ ન હતી.

ત્યાં એકાએક મહારાજ દુષ્યંત આવી પહોંચ્યા અને શકુન્તલા બેઠી હતી ત્યાં ગયા. શકુન્તલા ઘડીભર તો મહારાજને જોઈ રહી. મહારાજ શકુન્તાલની સમીપ જઈ બોલ્યા : "શકુન્તલા ! તમારી સખીને કહ્યા પ્રમાણે હું બરાબર સમયસર આવી ગયો છું. પરંતુ તમે કેમ ચુપ છો ?"

"ના, ના મહારાજ !" કહી પાસે પડેલી પુષ્પમાળા લઈને તે ઊભી થઈ ગઈ. મહારાજ તેનો હાથ પકડતાં બોલ્યા : "શકુન્તલા ! આપણે કશું અનુચિત નથી કરતાં. આ મનોહર પ્રકૃતિની સાક્ષીએ હું તારો હાથ પકડું છું."

"નાથ ! હું પણ આજથી તમારી થઈ ચૂકી છું." એમ કહી શકુન્તલાએ પ્રિયંવદાએ ગૂંથેલી વરમાળા મહારાજ દુષ્યંતના કંઠમાં આરોપી દીધી. આમ મહારાજ દુષ્યંત અને આશ્રમકન્યા શકુન્તલાનાં ગાંધર્વલગ્ન થઈ ચૂક્યાં.

માતા ગૌતમીની શીતળ છાયા નીચે શકુન્તલા આનંદવિભોર બની સુખનાં સ્વપ્નાં જોઈ રહી હતી, મહારાજ દુષ્યંતની જાજ્વલ્યમાન કાંતિ તેનાં ચક્ષુઓ આગળ સદાય તરવરતી હતી. હસ્તિનાપુરથી મહારાજનો સંદેશો આજ નહીં તો કાલ આવશે એમ તેને લાગતું હતું. પોતાને તેડવા આવનાર સૈનિકો અને પરિચારિકાઓ કેટલી બહુમૂલ્ય પાલખી શિબિકા લઈને આવશે ! એ સુવર્ણથી શણગારાયેલી અને અતલસથી મઢેલી શિબિકામાં બેસીને, જ્યારે હું આશ્રમમાંથી વિદાય લઈ હસ્તિનાપુર પ્રતિ પ્રયાણ કરીશ, ત્યારે આખોય આશ્રમ અને આજુબાજુ વસતા વનવાસીઓ ચકિત નેત્રે જોઈ રહેશે. કેવું હશે એ અનુપમ દૃશ્ય ! આવી આવી અનેક કલ્પનાઓમાં રાચતી શકુન્તલાનું હૃદય મૃગબાળ સમું નાચી ઊઠતું અને તે હર્ષના અતિરેકમાં ડૂબી જતી, શકુન્તલાનો આખોય દિવસ આવી સુરમ્ય કલ્પનાઓમાં ઘડીકમાં વીતી જતો અને રાત્રિ મહારાજનાં સોહામણાં સ્વપ્નોમાં પસાર થઈ જતી.

આમ નવ મહિના જોતજોતામાં વીતી ગયા અને પૂરા દિવસે શકુન્તલાએ પુત્રને જન્મ આપ્યો. પુત્રજન્મના સમાચારથી આખોય કણ્વાશ્રમ આનંદમાં ડૂબી ગયો. માતા ગૌતમી અને ભગવાન કણ્વને પણ હર્ષની સીમા ન રહી.

આશ્રમની પરમ શોભા શકુન્તલા હવે માતા બની ચૂકી હતી. તેના ખોળામાં ફૂલ જેવો કોમળ બાળક રમી રહ્યો હતો. માતા ગૌતમી વારે વારે બાળકનું ધ્યાન રાખતાં અને શકુન્તલાને પથ્ય આહારવિહારનાં સૂચનો આપતાં. પ્રત્યેક આશ્રમવાસીનો પ્રેમભાજન બનેલો બાળક મોટો થતો જતો હતો.



વાતવાતમાં પાંચ વર્ષ વીતી ગયાં. બાળક છ વર્ષનો થયો. આશ્ચર્ય તો એ હતું કે, તેનું શરીર સૌષ્ઠવ બાર વર્ષના બાળકને પણ આંટી દે તેવું હતું.

હવે તો તે આશ્રમવાસીઓની દૃષ્ટિ ચુકાવી એકલો આશ્રમ બહાર નીકળી જતો અને વનચરોને દોડીને પકડી લેતો. હરણ જેવું ચપળ પ્રાણી પણ તેના હાથથી છટકી શકતું નહીં. વરાહ, મહિષ અને હાથીઓને તે દોડાવીને થકવી દેતો અને તેમને પકડી મોટાં વૃક્ષો સાથે બાંધી દેતો. તે વાઘ કે સિંહથી પણ ડરતો નહિ. જો સિંહ હાથમાં આવી જાય તો તેનું મોઢું ફાડતાં કહેતો : "રે સિંહ ! ઉઘાડ તારું મોં, મારે તારા દાંત ગણવા છે!" ને સિંહ લાચાર બની પોતાનું મોઢું ઊઘાડતો. આ બધું તેને માટે હંમેશની રમત જેવું થઈ પડ્યું હતું.

વનનાં સર્વ પ્રાણીઓનું આ રીતે તે દમન કરતો, તેથી આશ્રમવાસીઓ તેને "સર્વદમન" ના લાડકા નામે બોલાવતા, શિશુવયમાં તેનામાં બળ, બુદ્ધિ અને પરાક્રમનો અપૂર્વ વિકાસ થયેલો જોઈ, બધાને નવાઈ લાગતી. ઘણીવાર ગૌતમીદેવી મહર્ષિ કણ્વને કહેતાં : "ભગવાન ! હસ્તિનાપુરથી કોઈ સંદેશો આવ્યો નહિ. આપણે ક્યાં સુધી વાટ જોવી ? શકુન્તલા પણ આશાએ આશાએ દિવસો વીતાવી રહી છે, છ છ વર્ષ વીતવા છતાં મહારાજ દુષ્યંતે કોઈ સંદેશો મોકલ્યો નથી, એટલે મારા મનમાં સંદેહ ઉત્પન્ન થાય છે. કદાચ મહારાજને શકુન્તલાનું વિસ્મરણ થયું હોય તો ?"

સંભાળ રાખશે. તું ચિંતા ન કરીશ !'' આમ કહી શકુન્તલા ઊભી થઈ અને આગળ વધી. શકુન્તલા સદાને માટે આશ્રમમાંથી વિદાય થાય છે, એ વાત શકુંત સમજી ચૂક્યું હોય તેમ તેનાં નેત્રોમાંથી આંસુ ટપકવા લાગ્યાં.

ચાર શિષ્યો સાથે શકુન્તલા ચાલી જતી હતી. તે દેખાય ત્યાં સુધી આશ્રમવાસીઓ તેને જોઈ રહ્યાં છેવટે શકુન્તલા દેખાતી બંધ થઈ. આશ્રમવાસીઓ થોડીવાર સ્તબ્ધ બની ઊભાં રહ્યાં અને પછી આશ્રમમાં પાછાં વળ્યાં.

શકુન્તલાએ જીવનમાં પહેલીવાર આશ્રમની સીમા ઓળંગી. જેમ જે તે આગળ વધતી તેમ તેમ તેના હૈયામાં કરુણભાવો ઘટતા ગયા અને હસ્તિનાપુરની કલ્પનાઓ તેના હૃદયમાં સળવળવા લાગી. વિસામો ખાતાં, આગળ વધતાં બધાં ચાલતાં હતાં. છેવટે સૌને હસ્તિનાપુરના દુર્ગમ દુર્ગનાં દર્શન થવા લાગ્યાં. ગુરુ બંધુઓ અને શકુન્તલાની આંખોમાં આશાનો ચમકાર થયો, તેના શરીરમાં નવું જોમ આવ્યું. ધીમે ધીમે તેઓએ હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો અને આ અદ્‌ભૂત નગરી જોતાં જોતાં તેઓ રાજ્યમહાલયના પ્રવેશ દ્વાર પાસે આવીને ઊભાં. દ્વારપાલે તેમને પૂછપરછ કરી, મહારાજની આજ્ઞા મેળવી, તેમને અંદર જવા માટે અનુમતી આપી. તેમણે ચારેકોર દષ્ટિ ફેરવતાં ફેરવતાં મહાલયમાં પ્રવેશ કર્યો.

મહારાજ દુષ્યંત રાજસભામાં બિરાજમાન હતા. આશ્રમના કુમારો અને શકુન્તલા પોતાના બાળક સાથે મહારાજનો જયઘોષ કરીને ઊભાં રહ્યાં.



ભગવાન કણ્વના આશ્રમના ઋષિકુમારો અને તેમની સાથે એક સુષમાન્વિત નારીને જોઈ રાજા દુષ્યન્તને આશ્ચર્ય થયું. તેઓ બોલ્યા : ''પધારો આશ્રમવાસીઓ ! મહર્ષિનો જે સંદેશ હોય તે સુખેથી કહો.''

શિષ્યોએ મહર્ષિ કણ્વનો સંદેશો મહારાજને કહ્યો અને તેઓ શકુન્તલા તથા સર્વદમનને ત્યાં મૂકી ચાલી નીકળ્યા.

શકુન્તલા સર્વ ગુરુજનો અને મહારાજને વંદન કરી વિનયપૂર્વક બોલી : ''હે રાજન્ ! આ આપનો પુત્ર છે. હવે આપે મને આપેલા વચનનું પાલન કરી તેનો યુવરાજપદે અભિષેક કરો. આપ શાંત કેમ છો ? આપ જ્યારે મહર્ષિ કણ્વના આશ્રમમાં આવ્યા ત્યારે કેવા પ્રભાવશાળી, તેજસ્વી, અત્યંત વાચાળ હતા ! આપણી માધુર્યપૂર્ણ પ્રેમભરી વાતો, હાસ્ય, મિલન એ સર્વ વીસરી ગયાં કે શું ?''

રાજા દુષ્યંત આશ્ચર્ય પામી બોલી ઊઠ્યો : ''દુષ્ટ તાપસી ! તું આ બધું શું કહે છે ? મારે તારી સાથે કોઈ પરિચય નથી. તારી સાથે લગ્ન થયાં નથી. સમાગમ થયો નથી. તો પછી પુત્રની તો વાત જ શી ? તું અહીંથી ચાલી જા. મારી કીર્તિ ઉપર કલંક લગાડવા માટે કોઈ શત્રુએ મોકલી હશે પરંતુ તેમાં તને સફળતા નહિ મળે.

રાજાનાં આવાં કઠોર વચનો સાંભળી, શકુન્તલા સ્તબ્ધ બની વૃક્ષની પેઠે સ્થિર થઈ ઊભી રહી. ઘડીકમાં તેના દેહ ઉફર અજબ પરિવર્તન થયું. ક્ષણ માત્રમાં તેનાં નેત્રો લોહી જેવાં લાલ બની ગયાં. તેના હોઠ કંપવા લાગ્યા. જાણે કે, તે રાજાને ભસ્મ કરવા મથતી હોય, તેમ તેનાં આગ ઝરતાં નેત્રો વિસ્ફારિત થયાં.

પગપેસારો કરી શકીશ, પરંતુ એ બધી તારી કુટિલ કલ્પનાઓ અહીં સફળ નહીં થાય.''

દુષ્યંતના નિર્દય વચનો સાંભળી શકુન્તલાના હૃદયમાં અપાર દુઃખ થયું. છતાં તે ધૈર્યપૂર્વક બોલી : ''રાજન્ ! શું તમારામાંથી વાત્સલ્ય ભાવ પણ પરવારી ગયો છે ? પોતાના પુત્ર પ્રત્યેનું કર્તવ્ય પણ તમે વિસરી જાવ છો ? તો સાંભળો : આપણા મુનિવરોએ કહ્યું છે કે, ''પુત્ર એ પિતાનો જ પુનર્જન્મ છે.'' પિતા પોતાના વીર્યરૂપી અંશથી પત્નીમાં વિકાસ પામે છે અને પત્નીથી જ તે પોતાના અંશરૂપે જન્મે છે. એટલે પત્ની આ રીતે પોતાના પતિને જન્મ આપતી હોવાથી મહર્ષિઓએ પત્નીને જાયા પોતાના આત્માને પુનર્જન્મ આપનારી કહી છે. આપત્તિના સમયે એક નારી જ પુરુષને ધૈર્ય તથા આનંદ આપી શકે છે, રતિ, પ્રીતિ અને નીતિ સ્ત્રીના આશ્રયે જ રહેલાં છે. આત્માને જન્મ આપનાર નારી જ એક પવિત્ર ક્ષેત્ર છે. નારીના આત્માને દુભાવનારનું કદાપિ શ્રેય થતું નથી. માટે તમે જે કંઈ બોલો તે વિચારીને બોલો.''

''ચૂપ રહે ! તારા જેવી વાણી તો કોઈ હલકા કુળની સ્ત્રી જ બોલી શકે. તું નારીના મહિમાની વાત કરે છે, પરંતુ નારી ચર્મભિસ્ત્રા ચામડાની કોથળીથી અધિક કશું જ નથી. મહત્ત્વ તો માતાનું નહીં પિતાના સત્ત્વનું છે. હવે તું તારા બાળકને લઈને અહીંથી ચાલી જા. મારે તારું ભાષણ સાંભળવું નથી.'' દુષ્યંતે સત્તાવાહી સ્વરે કહ્યું.

શકુન્તલા દુષ્યંતદનાં વચનો સાંભળી અભિમાનપૂર્વક બોલી : ''રાજન્ ! હું હલકા કુળની નથી. સ્વર્ગની અપ્સરા મેનકાની પુત્રી છું



અને મહર્ષિ વિશ્વામિત્ર મારા પિતા છે તથા મહર્ષિ કણ્વ મારા પાલકપિતા છે.''

સમગ્ર સભાને કટાક્ષથી મહાત કરતો હોય તેમ દુષ્યંત વ્યંગમાં બોલ્યો : ''કોણ મેનકા ? સ્વર્ગની વેશ્યા મેનકા તારી માતા અને એ વેશ્યાને જોઈ પોતાના જીવનભરની તપશ્ચર્યા પર પાણી ફેરવનાર ક્ષત્રિયમાંથી બ્રાહ્મણ બનેલા વિશ્વામિત્ર તારા પિતા ! આવાં માત પિતાની પુત્રી હોવાથી જ તું આવું બોલી રહી છે. તારી માતા વિશ્વામિત્રને ફસાવવામાં સફળ થઈ, તેથી તું પણ તેનું જ અનુકરણ કરી મને ફસાવવાનો યત્ન કરી રહી છે, પરંતુ તારું મનોહર રૂપ, તારી આર્જવ ભરેલી ઠગારી વાણી કે, તારું યૌવન મારા પર કામણ કરી શકે તેમ નથી. હલકા કુળમાં જન્મેલી તારાપાસેથી ઉચ્ચ આદર્શોની આશા જ કેમ રાખી શકાય ?'' દુષ્યંત ભરસભામાં અકિંચન, અસહાય અબળાની અવહેલના કરી અભિમાનથી બોલ્યે જતો હતો. આ વિચિત્ર સંવાદ આખીએ સભા સ્તબ્ધ બની સાંભળી રહી હતી. હજુ સુધી કોઈને તર્કવિતર્ક કરવા જેટલો સમય મળ્યો ન હતો. દુષ્યંતનો એક એક શબ્દ રંભા સમાન કોમળ શકુન્તલા ઉફર કુઠારાઘાત કરી રહ્યો હતો. હવે તેની સહનશક્તિની સીમા આવી ચૂકી હતી. તે અકળાઈને બોલી ઊઠી : ''રાજન્ ! પોતાનાં પર્વત જેવડાં છિદ્રો પોતાને દેખાતાં નથી, પરંતુ બીજાનાં રાઈ જેવડાં છિદ્રો મેરું સમાન દેખાય છે. મારી માતા તમોને વેશ્યા લાગે છે, પરંતુ દેવસભામાં તેનું માનભર્યું સ્થાન છે. મારા પિતા મહર્ષિ વિશ્વામિત્ર મહામંત્ર ગાયત્રીના દૃષ્ટા છે. તેમના તપોબળથી ત્રિભુવન કંપી રહ્યું છે. મારામાં પણ અંતરિક્ષમાં વિચરવાની દૈવી શક્તિ છે. આમાંથી

પ્રવેશદ્વાર પાસે આવીને ઊભી અને દ્વારપાલને કરુણ સ્વરે કહ્યું : "ભાઇ ! લે આ નિર્જીવ સાક્ષી. મહારાજને આપજે. હવે એને રાખીને હું શું કરું ? આમ કહી તેણે પોતાની અનામિકા ઉપરથી મહારાજે પ્રેમપૂર્વક આપેલી મુદ્રિકા કાઢી દ્વારપાલને આપી. પછી તે અનિશ્ચિત દિશામાં ચાલવા માંડી.

આ બાજુ સભાનું વિસર્જન થઇ ચૂક્યું હતું. મહારાજ શૂન્યમનસ્ક પોતાના રંગભવનમાં પ્રવેશી ચૂક્યા હતા. ત્યાં દ્વારપાલ દોડતો આવ્યો અને શકુન્તલાએ આપેલી મુદ્રિકા મંત્રીશ્વરને આપી.

મંત્રીશ્વરે પૂછ્યું : "આ મુદ્રિકા કોણે આપી ?"

"એક અજાણી સ્ત્રી પોતાના બાળક સાથે જતી હતી, તેણે મને આપી. રડતાં રડતાં તેણે મને કહ્યું કે, હવે આ મહારાજે આપેલી નિર્જીવ વસ્તુને રાખીને હું શું કરું ? જા, તારા મહારાજને આપી દેજે.

વાત સાંભળતાં જ મંત્રીશ્વર ઊઠ્યા અને દોડતા મહારાજના રંગભવન પ્રતિ ગયા અને પરિચારિકાને મહારાજને બોલાવવા વિનંતી કરી, પરિચારિકા રંગમહેલમાં ગઇ અને મહારાજને કહ્યું : "મંત્રીશ્વર આપને બોલાવે છે." મહારાજ બહાર આવ્યા. મંત્રીશ્વરે બે હાથ જોડી પ્રણામ કર્યા, અને મંત્રણાખંડમાં આવવા માટે વિનંતી કરી. મહારાજ મંત્રીશ્વરની સાથે મંત્રણાગૃહમાં પધાર્યા. મંત્રીશ્વરે પૂછ્યું : "મહારાજ મારાથી સત્યને છુપાવશો નહિ. શકુન્તલા જતાં જતાં આ મુદ્રિકા દ્વારપાલને આપતી ગઇ છે. આ મુદ્રિકા આપની જ છે. તો તેની પાસે કયાંથી આવી ? મહારાજ ! આપ જાણો છો કે સત્યથી



વધારે વિશ્વમાં કંઇ જ નથી. એક જ વાર અસત્યનો આશ્રય લેવાથી અનેકવાર અસત્યનો આશ્રય લેવો પડે છે. એનો જો આપની સાથે પ્રેમ સંબંધ હોય તો પણ મને આપનો વિશ્વાસુ મંત્રી માનીને કહો. સત્ય કહેવાથી તો આપની કીર્તિ વધશે એ નિશ્ચિત સમજજો."

દુષ્યંત પોતાની મુદ્રિકા જોઇ દ્વિધામાં પડી ગયો. શું કહેવું તે તેની સમજમાં ના આવ્યું. છતાં તે સાહસ કરીને બોલ્યો : "મંત્રીશ્વર ! હવે નિશ્ચિત લાગે છે કે, તે સ્ત્રી શકુન્તલા જ છે."

"પરંતુ સભામાં તો આપે તેનો તિરસ્કાર કર્યો ?"

દુષ્યંત માટે મંત્રીને ઉત્તર દેવો કઠિન હતો. છતાં તે ચતુરાઇપૂર્વક બોલ્યો, "મંત્રી ! હું માનતો હતો કે કોઇ છલના મને છલવા આવી હશે. મહર્ષિ કણ્વની આશ્રમકન્યા શકુન્તલા સાથે મેં ગાંધર્વલગ્ન કરેલાં છે, એ વાતનો હું સ્વીકાર કરું છું."

મહારાજની ચતુરાઇ જોઇ મંત્રીશ્વર મનમાં હસવા લાગ્યો. છતાં વિવેક ધારણ કરી તે બોલ્યો : "મહારાજ ! પત્ની, પુત્ર અને મંત્રી તો સ્વજનો જ ગણાય. તેમનાથી કોઇ વાત છુપાવવાથી ઘણીવાર લાભ નહિ, પણ હાનિ થાય છે."

મંત્રીની વાતથી દુષ્યંત લજ્જિત થયા. સહસા તે બોલી ઊઠ્યો : "મંત્રી ! હવે વિલંબન ન કરો. શકુન્તલા અને મારો નિર્દોષ પુત્ર ક્યાં હશે ? તેમને સત્વરે અહીં લઇ આવો, રાજાના મસ્તિષ્ક ઉપરથી લજ્જાનું આવરણ હઠી ગયું. જૂઠા કીર્તિ સ્થંભ તૂટી પડ્યા. હવે તેને સભાક્ષોભ રહ્યો ન હતો. સમ્રાટ દુષ્યંત સમ્રાટ પુરુ સમા ઝળહળી ઊઠ્યા. હવે તેમને કલંકની કોઇ ભીતિ રહી ન હતી.

મહાભાર્ગવ શુક્રાચાર્યની પુત્રી છે, બ્રાહ્મણકન્યા છે અને હું ક્ષત્રિય સંતાન છું. વર્ણાંતર લગ્ન શી રીતે સંભવે ?''

દેવયાની બોલી : ''ભૂલો છો મહારાજ ! આપના પૂર્વજ પુરુરવા બ્રાહ્મણ પુત્ર હતા, એટલે તમે પણ મારે મન તો બ્રાહ્મણપુત્ર જ છો.''

દેવયાનીની મધુર વાણીથી યયાતિનું શંકા સમાધાન થયું અને તેણે દેવયાનીની માગણીનો સહર્ષ સ્વીકાર કર્યો. તે પછી બંને જણાં આચાર્ય શુક્ર પાસે ગયાં. શુક્રાચાર્યે દેવયાનીની પ્રાણરક્ષા કરનારા મહારાજ યયાતિનું સ્વાગત કર્યું. દેવયાની અને યયાતિએ પોતાનો નિર્ણય નમ્રભાવે જણાવ્યો અને આચાર્યની સંમતિ માગી. શુક્રાચાર્ય બંનેની યોગ્ય માગણી સાંભળી આનંદ પામ્યા અને તેમના લગ્ન માટે અનુમતિ આપી. તેમણે યયાતિને કહ્યું : ''મહારાજ મારી પુત્રી દેવયાની સાથે મહારાજ વૃષપર્વાની પુત્રી શર્મિષ્ઠા દાસી બનીને આવે છે, પરંતુ ભૂલેચૂકેય એનું અપમાન કરશો નહીં, અને તેના ઉપર આસક્ત થઇ સહગમન કરશો નહીં.'' આટલી તેમણે યયાતિને શીખ આપી અને દેવયાનીનાં ધામધૂમથી લગ્ન કરી, મહારાજ સાથે અશ્રુભીની આંખે હસ્તિનાપુર વિદાય કરી.

દેવયાની પિતાની વિદાય લઇ હસ્તિનાપુર જવા નીકળી, ત્યારે શર્મિષ્ઠા પોતાના પિતૃવચનને અનુસરી અને સહસ્ર પરિચારિકાઓ સાથે દેવયાનીની દાસી બનીને તેની સાથે ચાલી નીકળી.



મહારાજ યયાતિએ મહારાણી દેવયાની અને સહસ્ર પરિચારિકાઓ સાથે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

તેમનાં દર્શન કરવા નગરજનોનાં ટોળાં ઊમટ્યાં અને તેમણે મહારાજ તથા મહારાણીને ઉત્સાહપૂર્વક વધાવી લીધાં.

દેવયાની ઇચ્છિત વર પામી તેથી તેના આનંદનો પાર રહ્યો નહીં. મહારાજ યયાતિ પણ મહાભાર્ગવ શુક્રાચાર્યની ઓજસ્વતી કન્યા પામીને ધન્ય બન્યા. બંને જણાં હસ્તિનાપુરના અશોકવનમાં આવેલા રાજપ્રાસાદમાં આનંદવિનોદમાં દિવસો વીતાવવા લાગ્યાં.

યયાતિ દેવયાનીમાં એટલો બધો લુબ્ધ હતો કે, તેણે ક્ષણ પણ વિખૂટો પડવાનું મન થતું ન હતું.

સમય જતાં દેવયાની બે પુત્રોની માતા બની. મોટા પુત્રનું નામ યદુ અને નાના પુત્રનું નામ તુર્વસુ રાખવામાં આવ્યું.

એક દિવસ યયાતિ મૃગયા રમવા ગયો હતો. ત્યાંથી નગરમાં પ્રવેશ કરતાં શર્મિષ્ઠાનો મહેલ આવ્યો. રાજાને તૃષા લાગી હતી, તેથી તે સરલ ભાવે જલપાન માટે શર્મિષ્ઠાના મહેલમાં ગયો. ઘણા દિવસે મહારાજને પોતાને ત્યાં આવેલા જોઇ શર્મિષ્ઠાનું હૃદય આનંદથી નાચી ઊઠ્યું. તેણે પાદપ્રક્ષાલન કરી સ્વાગત કર્યું અને જલપાન કરાવ્યું. તે વિનયપૂર્વક બોલી : ''રાજન્ ! મારી ઘણા સમયની મનોવાંછના ફળી. આપે મોડી મોડી પણ મારા ઉપર કૃપાવર્ષા કરી તે માટે હું તમારો આભાર માનું છું.''

અને શર્મિષ્ઠાના નિવાસ પાસે આવીને બોલી : ''મહારાજ ! ચાલો, આપણે શર્મિષ્ઠાને મળતા જઈએ.''

મહારાજ અનિચ્છાએ દેવયાની સાથે શર્મિષ્ઠાને ત્યાં ગયા. શર્મિષ્ઠાના ત્રણે પુત્રો રમતા હતા. તેમણે મહારાજને આવેલા જોઈ પોતાની માતાને બોલાવવા સાદ દીધો : ''બા ! બા ! અમારા પિતાજી આવ્યા.''

બાળકોનો સાદ સાંભળી શર્મિષ્ઠા દોડતી બહાર આવી. યયાતિ સાથે દેવયાનીને જોઈને તે ખચકાઈ ગઈ. મહારાજને પણ આંચકો લાગ્યો. દેવયાની બાળકોની વાતથી પરિસ્થિતિ સમજી ગઈ. તે ક્રોધાતુર બનીને બોલી : ''શર્મિષ્ઠા ! તું તો કહેતી હતી કે, આ તારાં સંતાનો ઋષિપુત્રો છે ? તેં મારી સાથે પ્રપંચ કર્યો ? અસત્ય બોલી મને છેતરી ?''

શર્મિષ્ઠા બોલી : ''ના બહેન ! હું અસત્ય બોલી નથી. તમે ઋષિકન્યા છો એટલે તમારું પાણિગ્રહણ કર્યું હોય તે પણ ઋષિ જ ગણાય. જે તમારે માટે પૂજ્ય હોય તે મારે માટે અતિપૂજ્ય હોય તેમાં આશ્ચર્ય શું ?'' શર્મિષ્ઠાનાં તીર જેવાં વચનો સાંભળી દેવયાનીનું હૃદય ભેદાઈ ગયું. તે યયાતિને સંબોધીને કહેવા લાગી : ''રાજન્ ! તમે મારી સાથે છળ કર્યું છે, મર્યાદાનો લોપ કર્યો છે, એટલું જ નહીં પણ તમે મારા પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે. હવે હું એક ક્ષણ પણ તમારી પાસે રહેવા માગતી નથી.'



આમ કહી દેવયાનીએ ચાલવા માંડ્યું. યયાતિએ તેને ઘણી સમજાવી પરંતુ તેણે તેનો એક પણ શબ્દ સાંભળ્યો નહીં. તેથી યયાતિ પણ તેની પાછળ પાછળ શુક્રાચાર્ય પાસે જવા ચાલી નીકળ્યો.

દેવયાની પોતાના પિતા પાસે ગઈ અને હીબકાં ખાતી રડી પડી અને યયાતિએ કરેલો વિશ્વાસઘાત ક્રુદ્ધ મનથી કહી સંભળાવ્યો. શુક્રાચાર્ય પોતાની પુત્રીની મનોવેદના સાંભળી તેને સાન્ત્વના આપી રહ્યા હતા, એટલામાં રાજા યયાતિ ત્યાં આવી પહોંચ્યો. યયાતિને જોતાં જ શુક્રાચાર્યનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. : ''તેઓ બોલ્યા :''રાજન્ ! તેં મારા સમક્ષ લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કર્યો ? મારી શિખામણનો અનાદર કર્યો અને શર્મિષ્ઠા સાથે સહશયન કરીને તેં દેવયાનીને માનભંગ કરી ?''

યયાતિએ કહ્યું :''આચાર્ય ! ક્ષમા કરો. હું જયારે શર્મિષ્ઠાના નિવાસ આગળથી નીકળ્યો, ત્યારે તૃષાતુર હોવાથી જલપાન કરવા ત્યાં ગયો. તે વેળા શર્મિષ્ઠા ઋતુસ્નાતા હતી. કામવિવશ તેણે મારી સાથે સહવાસની યાચના કરી. જો હું તેની યાચના અવગણું તો ધર્મ અને નીતિની દૃષ્ટિએ હું સંભવિત ગર્ભનો હત્યારો બનું. તેથી મેં તેની માગણીનો સ્વીકાર કર્યો. મેં કોઈ ધર્મ વિરુદ્ધ આચરણ કર્યું નથી.''

''રાજન્ ! ગમે તે હોય પરંતુ તેં એકપત્નીવ્રતનો ભંગ કર્યો છે. દેવયાનીનો દ્રોહ કર્યો છે. મને આપેલા વચનનું પાલન કર્યું નથી.

ઓળખાશે.''

તે પછી યયાતિએ શર્મિષ્ઠાના ત્રીજા પુત્ર દ્રહ્યુને બોલાવ્યો અને કહ્યું : ''પુત્ર ! મારી તૃષ્ણા શમી નથી, ભોગોથી તૃપ્તિ થઈ નથી અને મારા દેહમાં જરા આવી ! માટે મારી જરા તું લે અને તારું યૌવન મને આપ !''

દ્રહ્યુંએ કહ્યું : ''પિતાજી ! જરા આવતાં જ હાથી, ઘોડા, પાલખી કશાથી આનંદ મળતો નથી. વાણી પણ થોથરાય છે. સ્ત્રીઓ સાથે આનંદ ભોગવી શકાતો નથી. તેથી હું આવી જરા લેવા માગતો નથી.''

દ્રહ્યુની વાત સાંભળી યયાતિએ તેને શાપ આપતાં કહ્યું : ''હે પુત્ર તેં મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે, તેથી હું તને શાપ આપું છું કે, તારા વંશજો જ્યાં હાથી, ઘોડા કે બળદો પણ જઈ શકતા નથી, એવી મરુભૂમિમાં રહેશે અને આવી ઉષર ભૂમિમાં જ પોતાનું જીવન વીતાવશે અને તેઓ ભોજ નામે ઓળખાશે.

તે પછી યયાતિએ પોતાના ચોથા પુત્ર અનુને બોલાવી કહ્યું : ''હે પુત્ર ! મારી વિષય ભોગની ઈચ્છા તૃપ્ત થઈ નથી અને જરા આવી ગઈ. તેથી તું મારી જરા લે અને તારી યુવાની મને આપ.''

અનુએ કહ્યું : ''પિતાજી ! જરાવસ્થામાં બાળકનીપેઠે જ્યારે કોઈ ખાવા આપે ત્યારે ખાવા મળે, જીવન પરાધીન બને, યજ્ઞ કર્મો થઈ શકે નહીં અને ધારેલું કાર્ય સિદ્ધ થાય નહીં. આવી



જરા મારે જોઈતી નથી.''

અનુની વાત સાંભળી યયાતિએ શાપ આપતાં કહ્યું : ''હે પુત્ર ! તું મારી માગણી પૂરી કરતો નથી તેથી તારી પ્રજા અલ્પજીવી અને આચારવિચાર વિનાની થશે. તે મ્લેચ્છ નામે ઓળખાશે.'' તે પછી યયાતિએ પોતાના પાંચમા પુત્ર પુરુને બોલાવ્યો અને કહ્યું : ''હે પુત્ર ! તું મને અત્યંત પ્રિય છે. તારા વિના કોઈ મારા મનને શાન્તિ આપી શકે તેમ નથી. માટે તું મારી ઈચ્છા પૂરી કર. તું મારી જરા લે અને તારી યુવાની મને આપ. જેથી હું વિષયભોગો ભોગવી મારી અધૂરી ઈચ્છા પૂર્ણ કરું.''

પુરુને પોતાના પિતાની યાચના અને પરવશતા જોઈને દુઃખ થયું. તે ગંભીરતાથી બોલ્યો : ''પિતાજી ! હું તમારા માટે મારું જીવન પણ અર્પણ કરવા તત્પર છું, તો યુવાનીની શી વિસાત ? તમારી આજ્ઞાનું પાલન કરવું એ મારું પરમ કર્તવ્ય છે.'' એમ કહી તેણે યુવાની આપવાની હા પાડી.

પુરુની વાત સાંભળી યયાતિના આનંદનો પાર ન રહ્યો. તેણે અનેક વિરોધોની અવગણના કરીને પોતાના નાના પુત્ર પુરુનો રાજ્યાભિષેક કર્યો. તે પછી રાજા યયાતિ દેવોનાં વૈદ્ય અશ્વિનીકુમારો પાસે ગયો અને પોતાની ઈચ્છા વ્યક્ત કરી.

અશ્વિનીકુમારોએ યંત્ર પ્રયોગ દ્વારા પુરુ અને યયાતિના રક્તનો વિનિમય કર્યો. તે પછી રસાયણ અને યોગચૂર્ણ દ્વારા